R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૬મું


VOLUME : 01 • ISSUE : 06 • PAGES : 28 • MUMBAI • DATE : 20TH JANUARY 2021

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-

## સર્વે વાચકોને પ્રજાસત્તાક દિવસના હાર્દિક અભિનંદન



# છમાસિ પુણ્યતિથિ : ભાવભીની શ્રધ્ધાંજલિ



**સ્વ. ધર્મેન્દ્ર રતીલાલ નાગડા**

જન્મ : તા. ૨૮-૦૯-૧૯૪૧

અરિહંત શરણ : તા.૧૦-૦૭-૨૦૨૦

માટુંગા - જખૌ

**"ધરમ" તમારી સફર સંઘર્ષોની ડગર...**
**તેજસ્વી પ્રતિભા જાણી જેણે, સંબંધો માણ્યા તેણે...**

નિષ્ઠા, પ્રમાણિકતા, સ્વચ્છતા ને સાદાઇના આગ્રહી,
સ્કેટીંગ, ફુટબોલ ચેમ્પિયનને જ્ઞાનભરી રમૂજી વાતોના અનુગ્રહી, સભાએમાં ડર્યા વગર સ્પષ્ટ કહેવાના સદાગ્રહી,
ચાલતી કલમને જંપવા દીધી નહીં, ઘણાંજ દૈનિકોમાં ચર્ચાઓ છપાતી રહી,
ભાષાઓનું જબરજસ્ત પ્રભુત્વ, જોરદાર ભાષણ તમારૂં આભુષણ,
દવાઓના વિશાળ જ્ઞાનથી ઘણાંને કર્યા ક્ષેમકુશળ, મિત્રતાના સાગરની ગહરાઇએ પહોંચેલા તરવૈયા કુશળ,
મૈત્રીભર્યા સંબંધો જાળવ્યા સહી, માનવતાને મહેંકાવી ઝિંદાદીલ રહી.
(A.S.C.I.) ભારતની જાહેરાતની સંસ્થાના બન્યા બ્રાન્ડ એમ્બેસેડર, વરસમાં તેર તેર જાહેરાતો કરી સરેન્ડર,
શોધી કાઢેલી ભૂલોને કોર્ટે પણ કબુલી... વંડર !
કાબેલિયતને સમી સાંજે જાણી ચમકતી, જીવન સંધ્યાને રાખી પ્રવૃતિથી ધબકતી,
ઉપકારી ગુ.ભ. પ.પુ. આ.શ્રી કવિન્દ્રસાગરસૂરિ ની આશિર્વાદે
જીવન બન્યુ સમકિતધારી, ને મેળવ્યું સમાધિમરણ મંત્ર નાદે
તેજુકાયા પરિવારના કાકા રાજદુલારા હિતચિંતક માર્ગદર્શક પ્યારા
લાડલી ત્રિલોચના કિરણના વ્હાલા વીરા, ચાચા પરિવારે ગુમાવી ધુરા
સુવર્ણ અર્ધ શતાબ્દી માણી રહેલા સૌ પ્રસન્ન આપણે
ભાગ્યશાળી સુશિક્ષિત પરિવારના આંગણે, માણી જીવનની રંગતો મૌનથી ક્ષમાભરી સમજણે
આપના જ્ઞાનભર્યા જીવન મુલ્યોને અને સંબંધોની સુગંધને, મહેંકાવીએ એજ છે અમારી અશ્રુભરી હાર્દિક સ્મરણાંજલિ...

રચયિતા : **ખમા ધર્મેન્દ્ર નાગડા**

## -: ઋણ સ્વિકાર :-

અમારા સ્નેહી સ્વજન ધર્મેન્દ્રભાઈના દુ:ખદ નિધન નિમિત્તે અમને રૂબરૂ, ફોન, વોટ્સઅપ, પત્રો દ્વારા દિલશોજીના સંદેશા પાઠવી અમારા શોકમાં સહભાગી થવા બદલ ચાચાવાલા (જખૌ) તથા મોમાયા (વરાડિયા) પરિવાર આપ સૌ સ્વજનો, જ્ઞાતિજનો, મિત્રો, સંસ્થાઓના પદાધિકારીઓનો અંત:કરણપૂર્વક આભાર માને છે.

### -: પ્રભુ આપના આત્માને શીઘ્ર મોક્ષગામી બનાવે એવા શ્રધ્ધાસુમનો અર્પિત કરતા :-

માતા-પિતા : રતનબાઈ રતીલાલ ચાચાવાલા (જખૌ)
સાસુ-સસરા : રતનબાઈ રાઘવજી મોમાયા (વરાડિયા)
નાના-નાની : વેજબાઈ ત્રિકમજી ડોશાભાઇ ધરમશી (સુથરી)
પત્ની : ખમ્મા ધર્મેન્દ્ર નાગડા (માટુંગા)
પુત્ર-પુત્રવધુ : લોપા હિમાંશુ નાગડા, ઉજવલા હિરક નાગડા
પુત્રી-જમાઈ : ડૉ. ધારિણી, ડૉ. સદાનંદ ચિત્રે (ઇંગ્લેન્ડ)
દોહિત્ર-પૌત્ર : અનિકેત ચિત્રે (લંડન), અથર્વ હિરક
બહેન-બનેવી : ત્રિલોચના મહેન્દ્ર દેવજી ખોના (જખૌ)
કિરણ જવેરચંદ રતનશી નાગડા (સુથરી)
અનુજ બંધુ વધુ : ભારતી દિનેશ (મુલુંડ), સાધના નરેન (માટુંગા)
ભત્રીજી-જમાઈ પરિવારો : પેરિન કૌશિક લોડાયા (વડોદરા)
રાધિકા પ્રવિણ નાયર (પલાવા)
નેહા અંકિત ગોગરી (ચુનાભટ્ટી)
જેનિષા (માટુંગા)
ભાણેજ-ભાણેજી પરિવારો : પ્રિતિ ઇંન્દ્રજીત મહેન્દ્ર (થાના)
દિવ્યા જીતેન જવેરચંદ (વડાલા)
કેતન જવેરચંદ (વડાલા)
ભાણેજી-જમાઇ : હિરલ હિતેશ શાહ પરિવાર (થાના)

વેવાઈ પરિવાર : ધનલક્ષ્મી ઉમેશ દંડ (ઘાટકોપર)
વિભાબહેન વિનાયક ચિત્રે (પોલાદપુર)
રેખાબેન રવિન્દ્ર રાનડે (કલ્યાણ)
સાળા પરિવારો : સ્વ. દિપક રાઘવજી, સ્વ. દામજી ખીમજી (મુલુંડ)
ચેતના હરિષ પદમશી (પૂના), મીરા રાજેન્દ્ર હેમરાજ (પૂના)
લતા દિનેશ પદમશી (પૂના), ચેતના શરદ હેમરાજ (હુબલી)
મનિષા ડૉ. કિરણ સોમચંદ (પવઇ), મંજુ પંકજ હેમરાજ (કોલ્હાપુર)
રાજુલા કૈલેશ સોમચંદ (મુલુંડ), દિપ્તી દિપિત સોમચંદ (મુલુંડ)
ઉષા નિલેશ સોમચંદ (ભૂજ), ચિત્રા પદમ લાલજી લોડાયા (વરાડિયા)
સાળી પરિવારો : સરલા વિજય (ઘાટકોપર), પુષ્પા નરેન્દ્ર (વડાલા)
ખંતીલા દિનેશ (કોચીન), હીરા રમેશ (કોટનગ્રીન)
મીના હેમંત (ભાંડુપ), વંદના શરદ (ચુનાભટ્ટી)
સુશીલા અશોક (બેંગલોર)
મિત્ર પરિવારો : પ્રમોદ ખીમજી તેજુકાયા (લાયજા)
મહેન્દ્ર ગભરૂભાઇ ઓઝા (માટુંગા)
ડૉ. ધીરજભાઈ નાગશીં છેડા (ચુનાભટ્ટી)

**ચાચાવાલા સમસ્ત બંધુ પરિવારો તથા સર્વે નિયાણી પરિવારો**

તંત્રી સ્થાનેથી

# અસામાન્ય સાધારણ સભા



– ડૉ. હીરાચંદ દંડ - 7738508150

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન – મુંબઈની અસામાન્ય સાધારણ સભાનું આયોજન તા. ૧૭-૧-૨૧ના ઝવેરબેન સભાગૃહ – ઘાટકોપર ખાતે પાંચ મુદ્દા ઉપર ચર્ચા વિચારણા માટે કરવા આવ્યું હતું. સભામાં મોટી સંખ્યામાં (૩૭૫ થી ૪૦૦) જ્ઞાતિજનો હાજર રહ્યા હતા. કોવિડ-૧૯ નો ભય હોવા છતા અનંતસિધ્ધિમાં રહેતા જ્ઞાતિજનો મોટી સંખ્યામાં બસની વ્યવસ્થા (ગોઠવણ) દ્વારા હાજર રહ્યા હતા. તેજ રીતે અનંત નિવાસ તથા અનંત ભુવન (જુનું-નવું)માં રહેતા જ્ઞાતિજનો પણ સારી સંખ્યામાં ઉપસ્થિત હતા.

એજન્ડા નં. ૨ કસ્તુરી પદમ બેન્કવેટ હૉલ ઐરોલીની પરિપુર્ણતા માટેનો હતો. આપણી સમસ્ત જ્ઞાતિ ઈચ્છે છે કે આ પ્રકલ્પ જલ્દીથી પરિપૂર્ણ થાય અને આપણી જ્ઞાતિના કાર્યક્રમો માટે ઉપયોગમાં આવે. આ બેન્કવેટ હૉલ માટે અગાઉની મહાજન સમિતિ (વર્ષ ૨૦૧૫-૨૦૨૦)એ શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ પાસેથી જરૂરી રકમ મેળવવા પ્રસ્તાવ મોકલ્યો હતો પરંતુ તેનો સામાન્ય સભામાં અસ્વીકાર કરવામાં આવ્યો હતો. પણ આ વખતે સાધારણ સભાએ જરૂરી રકમ મેળવવા કરેલી વિનંતિનો સ્વીકાર કર્યો છે જેથી બેન્કવેટ હૉલ પુર્ણ કરવા માટે આવશ્યક ધનરાશિ મળી શકશે. આ વિશે વધુ વિગતો હું જ્ઞાતિજનોની માહિતી માટે આગામી અંકોમાં જણાવીશ. ખૂબ જ રસદાયક બાબત એ રહી કે અગાઉ આ પ્રસ્તાવનો વિરોધ કરનારા જ્ઞાતિજનો મહાજનની કમિટીમાં ચુંટાઈ આવ્યા છે અને હવે અલગ દિશામાં (સમર્થન) પોતાનો મત વ્યક્ત કર્યો. જો તેમણે અગાઉ વિરોધ ન કર્યો હોત તો બેન્કવેટ હૉલનું કામ પુરું થઈ ગયું હોત.

એજન્ડા નં. ૩ ભાંડુપ અનંતસિધ્ધિના પુનઃનિર્માણનો હતો. જે અંગે નક્કી થયું કે પુનઃનિર્માણ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવશે અને દરેક રહેવાસી ઘર દીઠ ૧૮ લાખ કે વધુ રકમનો સહયોગ આપશે. સાધારણ રીતે મુંબઈમાં પુનઃનિર્માણના પ્રકલ્પોમાં ભાડુઆતને વધુ જગ્યા મળે છે. ભાડું તથા કોર્પસ્ ફન્ડ મળે છે તેમજ બાંધકામ ખર્ચ પેટે કંઈ આપવું નથી પડતું. પરંતુ અહિં ભાડુઆતો રકમ ચૂકવવા સંમત થયા છે. તેમને પુનઃનિર્માણ માટેની વ્યવસ્થા માટે ચોક્કસ વિચારો અને નિરાકરણ માટે વ્યવહારિક પગલા તરીકે સમજાવવામાં આવ્યા છે.

એજન્ડા નં. ૪ વર્તમાન ટ્રસ્ટ બોર્ડની મુદત વૃધ્ધિ અંગેનો હતો. જે મુજબ જો અનંતસિધ્ધિનું પુનઃનિર્માણ આ ટ્રસ્ટ બોર્ડના કાર્યકાળમાં શરૂ થાય તો જ્યાં સુધી બાંધકામ પ્રક્રિયા પુર્ણ ન થાય ત્યાં સુધી વર્તમાન ટ્રસ્ટ બોર્ડ કાર્યરત રહેશે. ઉપસ્થિત અનેક જ્ઞાતિજનો દ્વારા આ મુદ્દાનો વિરોધ કરવામાં આવ્યો પરંતુ આખરે સર્વ સંમતિથી ઠરાવ પાસ કરવામાં આવ્યો. હું દઢપણે માનું છું કે આ ખોટુ પગલું છે. ભવિષ્યમાં આવી જ રીતે અન્ય જ્ઞાતિસંસ્થાઓ પ્રકલ્પ પુર્ણ ન થાય ત્યાં સુધી મુદત વધારવા ઈચ્છુક થશે. આપણે સરમુખત્યારશાહી તરફ આગળ વધી રહ્યા છીએ ? અન્ય મહાજનો પણ આનું અનુકરણ કરશે ? ખેદ સાથે નોંધ લેવી રહી કે શરૂઆતમાં વિરોધ કરનારા જ્ઞાતિજનો પણ પોતાનો વિરોધ ટકાવી રાખવામાં નિષ્ફળ રહ્યા.

વર્તમાન ટ્રસ્ટ બોર્ડની મુદત વધારવાને બદલે આ મુદ્દા માટે અલાયદી કમિટીની રચના કરી હોત અને ભવિષ્યમાં કોઈ ખરાબ સ્થિતિ સર્જાય તો વર્તમાન ટ્રસ્ટ બોર્ડ કાર્યકાળના છ મહિના પહેલા જ્ઞાતિજનો પાસે આ માટે જઈ શક્યું હોત.

બાય લો બનાવવા માટે જે કમિટી બનાવવામાં આવી છે એમાં કોઈપણ વકીલ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કે અન્ય વ્યવસાયિકનો સમાવેશ કરવામાં આવ્યો નથી. હજુ સમય છે અને આ કમિટીનું કદ વધારી તેમાં વ્યવસાયિકોનો સમાવેશ કરવામાં આવે.

ટ્રસ્ટ બોર્ડને 'હોપ-૧૦૦૦' પ્રકલ્પને હાથ ધરવા તથા સાથ આપવા સહમતી આપવામાં આવી હતી

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**

ડૉ. હીરાચંદ દામજી દંડ

**: તંત્રી મંડળ :**

કેશરસિંહ આણંદજી ખોના    ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ

માનદ્મંત્રી : ઉદયન લાલજી લોડાયા

કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા    કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

શરદ કાંતિલાલ શાહ (નાગડા)    પંકજ પ્રતાપ શાહ

કેશરસિંહ આણંદજી ખોના    શૈલેશ સનત્ શાહ

તિલકચંદ કુંવરજી લોડાયા    જયંત વિશનજી છેડા

**: ઑડીટર્સ :**

CA હિતેશ મણીકાંત ધરમશી



**વૉલ્યુમ : ૦૧, અંક : ૦૬, તા. ૨૦-૦૧-૨૦૨૧**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Madhu Entertainment & Media Ltd.,**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

શ્રી હેમાંગ લાલજી શાહ - મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

જે ખૂબ જ આવકારદાયક છે અને આશા રાખીએ કે ખૂબ જ વૃદ્ધ થઈ ગયેલ આ પ્રકલ્પ પરિપુર્ણ થાય.

આ સામાન્ય સભામાં પ્રસ્તુત બધાજ ઠરાવો સર્વ સંમતિથી પાસ થયા અને અનંતભુવન, ન્યુ અનંતભુવન અને અનંત નિવાસના પુનઃનિર્માણ માટે વિચાર-વિમર્શ થયો. હું આશા રાખું છું કે વર્તમાન ટ્રસ્ટ બોર્ડ આ ત્રણ ઈમારતો માટે પણ આવશ્યક કાર્યવાહી હાથ ધરશે.


**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |


ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા.

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

# "જૈન ધર્મ મારી દ્રષ્ટિએ..." મણકો-૨૬

લેખક : સોમ ધરમશીં, મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭



(ગતાંકથી ચાલુ...)

ત્રીજા આવશ્યકની ચર્ચા અતિ મહત્ત્વની છે. આવશ્યક ક્રિયાની આરાધના કરતા સાધક બીજા આવશ્યકમાં ૨૪ તીર્થંકરોની સ્તુતિ કરે છે તે ગતાંકમાં આપણે જોયું વિચાર્યું. ત્યાર પછી તીર્થંકરોની સ્તુતિમાં મગ્ન થયેલા સાધકની ભક્તિનો સ્રોત ગુરુ તરફ પ્રવાહિત થાય છે. તેથી ત્રીજો આવશ્યક ગુરુવંદનાનો છે. **વંદના આવશ્યકથી વિનયધર્મની આરાધના થાય છે.**

જૈન ધર્મની તાત્ત્વિક ઓળખાણ કોઈપણ એક લાક્ષણિકતાથી કરાવવી હોય તો એને વિનયમુલો ધમ્મો તરીકે ઓળખાવી શકાય. વિનયને ધર્મનાં મુળ તરીકે કહ્યું છે, જ્યાં નમસ્કારનો ભાવ છે ત્યાં વિનય છે. આપણે અતીતમાં લટાર મારીશું તો આપણા જ નહીં પણ અન્ય ધર્મોનાં ગ્રંથોમાં ગુરુ પ્રત્યે વિનય ભાવ દર્શાવતાં અસંખ્ય દ્રષ્ટાંતો મળે છે.

ભારતીય સંસ્કૃતિનાં વિકાસમાં ગુરુજનોનો અમુલ્ય ફાળો રહ્યો છે અને તેથી ગળથુથીમાં શિક્ષણ રાજા તવંગર કે ગરીબ પુત્ર હોય પણ ગુરુનાં આશ્રમમાં જ થતો. યાદ આવે છે કવિતા - "આપણે સાંદિપ ઋષિને આશ્રમે તને સાંભરે રે; એ બાળપણાની પ્રીત મને કેમ વિસરે રે..."

રામાયણ, મહાભારત અને ભગવત ગીતા આવા દ્રષ્ટાંતોથી સભર છે. રામાયણમાં દશરથ પુત્રો વશિષ્ઠ ગુરુના આશ્રમમાં રહી જ્ઞાન પ્રાપ્ત કરેલ, મહાભારતમાં ગુરુ દ્રોણાચાર્યે પાંડવ અને કૌરવ પુત્રોના સંવર્ધનમાં મહત્ત્વનો ભાગ ભજવેલ. ગુરુ ભક્તિ કેવી ફળે છે તેનો જીવંત ઉદાહરણ એકલવ્ય છે જે ગુરુ દક્ષિણામાં પોતાનો અંગુઠો કાપી આપવા પણ હિચકિચાતો નથી.

ગીતાનું જ્ઞાન તો એના રચયિતા એવા જગદ્‌ગુરુ શ્રી કૃષ્ણથી સભર છે જે તેમણે એમના પ્રિય શિષ્ય અર્જુન માટે કુરુક્ષેત્રનાં મેદાનમાં વહેવડાવ્યું હતું.

આપણા ભારતમાં એવા અનેક ગુરુ, સંતો, મહંતો અને સતીઓ થઈ ગયા જેમણે પોતે આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરી અન્ય લોકોની સુખાકારી માટે વહેવડાવ્યું છે. કેટલાક નામો યાદ કરી, આદરાંજલિ અર્પિત કરી આગળ વધીએ. દા. ત. ભક્ત કબીર તેની સાખીઓ માટે, જ્ઞાનદેવ તેમના અભંગ દ્વારા, મોરારીબાપુ રામ કથાના રસપાન માટે, સ્વામી ચિનમયાનંદ કૃષ્ણભક્તિના વ્યાખ્યાનો દ્વારા વગેરે વગેરે...

**વિદ્યા વિનયથી શોભે છે.** એવું કહેવાય છે તેથી ફક્ત વિદ્યાનું ગ્રહણ કરવાથી જિંદગીના પાઠ શીખી શકાતા નથી. જૈન આગમ ગ્રંથોમાં વિનય ઉપર વિશેષતઃ શિષ્યના ગુરુ પ્રત્યેના વિનય પર ખુબ જ ભાર મુકવામાં આવેલો છે. પિસ્તાલીસ આગમોમાં "ઉત્તરાધ્યયન સુત્ર" અત્યંત મહત્ત્વનું છે. એ સુત્રમાં તો પહેલું જ અધ્યયન "વિનય" ઉપર છે. સાધુ ભગવંતોએ પોતાના ગુરુ ભગવંતો સાથે કેવો વિનય વ્યવહાર સાચવવો જોઈએ એ વિશેની નાની નાની વિગતો પણ દર્શાવવામાં આવી છે.

**વિનય આત્માનો ગુણ છે અને વ્યવહારમાં ગુરુને વંદના દ્વારા આપણે પ્રગટ કરીએ છીએ અને પરોક્ષ રીતે ભાવથી અંતઃકારણમાં પણ તે પ્રકાશિત થાય છે.**

એક જુના પિક્ચર (નામ યાદ નથી આવતું)ના ગીતની એક પંક્તિ સ્મરણ પટ પર ગુરુ-વંદન વિશેની ચર્ચા લખતાં-લખતાં ઉતરી આવે છે. ''गुरुबिन ज्ञान कहाँसे लाउँ...''

સંત કબીરદાસ તો કહી ગયા કે :

गुरु गोविंद दोनो खडे, काके लागुं पाय;
बलिहारी गुरुदेवकी गोविंद दियो मिलाय ।

ગુરુના પ્રત્યક્ષ સમાગમમાં સાધક સરળતાથી અને સુગમતાથી આત્મોન્નતિનું કાર્ય સાધી શકે છે. તેઓ જીવને માર્ગ સમજાવે છે, માર્ગે ચડાવે છે અને માર્ગ ચાલતા જો ચુકી જવાય તો માર્ગ ઉપર પણ તેઓ જ લાવી શકે છે. એટલે સાધક પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે મન, વચન અને કાયાથી ગુરુનાં ગુણો પ્રતિ સમર્પિત થાય છે.

ગતાંકનાં લેખની તૈયારી કરતો હતો ત્યારે **શ્રી ભરત દામજી ધરમશી (કોઠારા-મુલુંડ)** તરફથી મારા લેખોના પ્રતિભાવ આપતા સંદેશા મળ્યા. જે વિશેષ વિચાર માંગી લે છે. તેઓને જુદા જુદા ધર્મો વિશે જાણવામાં તેમજ ધ્યાન - મેડીટેશન ઈત્યાદિમાં રસ છે. તેમણે મોકલાવેલ જૈન ધર્મની જાણકારી પર મનન અને સંશોધન કરવાની ઈચ્છા થઈ આવી. "પ્રતિક્રમણની ૬ આવશ્યક ક્રિયા પ.પૂ. ભદ્રબાહુસ્વામીજી મ.સા.એ મહાવીર સ્વામીના ૮૦૦ વર્ષ ધ્યાનના સામ્રાજ્ય પછી, ૧૮૦ વર્ષ રહી જૈન ધર્મમાં સ્થાપન કર્યું." (આ લેખ તૈયાર કરવામાં ડૉ. રશ્મિ ભેદાના પ્રબુદ્ધ જીવનમાં આવેલ લેખનો સહારો લીધેલ છે) વધુ આવતા અંકે

# જરા આંખ મે ભર લો પાની...

દેશના શૂરવીર જવાનો દિવસ-રાત સરહદની રક્ષા કરે છે. એને કારણે દેશના સવા સો કરોડ લોકો ચેનથી જીવી શકે છે. એ જવાનો પર આંતકીઓ ગોળીબાર કરે, રૉકેટ લૉન્ચરથી હુમલા કરે, પથ્થરમારો થાય તોય એ જવાનો લોકોના જાનમાલની રક્ષા કરે છે. ક્યારેક ફરજ બજાવતી વખતે એ શહીદ થાય અને એનો પાર્થિવ દેહ કૉફિનમાં એના વતનમાં મોકલવામાં આવે તથા એના વડીલ કે પુત્ર એનો અગ્નિસંસ્કાર કરે ત્યારે ટીવી પર એ દ્રશ્ય નિહાળી લોકોની આંખ ભીની થઇ જાય છે. વડોદરાનાં પન્નાબહેન ઠાકોર ટીવી પર એવાં જ દ્રશ્ય નિહાળી લાગણીવશ થઇ જતાં એમની સ્મૃતિમાં એ દ્રશ્ય લાંબો સમય અકબંધ રહેતું. ત્રણેક વર્ષ પહેલાં વડોદરાનો યુવાન સૈનિક દીપક પવાર શહીદ થયો. એની અંતિમયાત્રા સ્તાનિક ટીવી ચૅનલ પર દર્શાવવામાં આવી. એ નિહાળી પન્નાબહેન ખૂબ ભાવૂક બની ગયાં. એ સમયે એમના મનમાં માત્ર એક પ્રશ્ન ઉદ્ભવ્યો : એ શહીદની પત્ની અને બાળકનું હવે શું થશે ? એ પ્રશ્ને પન્નાબહેનની ઊંઘ હરામ થઇ ગઇ. એ બેચેન થઇ ગયાં. આખરે એમણે નક્કી કર્યું કે એ શહીદની વિધવાને બનતી મદદ કરવી. એ માટે એક દિવસ એ ઘરેથી નીકળ્યાં. શહીદના ઘરે ગયાં. પન્નાબેને કહ્યું.

'દીપક પવારના પરિવારના વડીલોએ પોતાની પુત્રવધુને એના પિયર મોકલી આપેલી.' એની સાથે એના દીકરાને પણ મોકલી આપેલો. પવાર પરિવારના વડીલો પાસેથી શહીદની પત્નીના પિયરનું સરનામું લીધું. એ પછી એ વિધવાને મળ્યા. એને કમ્પ્યુટર કોર્સ કરવા જણાવ્યું. એ માટે રૂપિયા ૬૦૦૦ની ફી આપી. પછી એ યુવતીએ કમ્પ્યુટરના ક્લાસમાં તાલીમ લીધી. રૂપિયા ૩૫,૦૦૦/- ભરી એના દીકરા રાજવીરને પ્લે સેન્ટરમાં દાખલ કર્યો. હવે એ વિધવાને કાયમી નોકરી મળે એ માટે સરકારી અને મિલિટરી ઑફિસમાં તપાસ કરૂ છું.

શહીદ દીપક પવારની વિધવાને મદદ કર્યા પછી પન્નાબહેન ગુજરાતના શહીદ સૈનિકોના પરિવાર માટે આર્થિક મદદની ઝુંબેશ ઉપાડી છે. મૂળ અમદાવાદનાં અને બાળપણથી વડોદરામાં સ્થાયી થયેલા પન્નાબહેન ગ્રૅજ્યુએટ થયા પછી બી.એડ. કરીને શિક્ષિકા તરીકે નોકરી કરતાં. આજે એ અને એમના પતિ દુષ્યંતભાઇ નિવૃત્ત જીવન ગાળે છે. એમના બે દીકરા પરદેશમાં સ્થાયી થયા છે. હવે એમને માથે કોઇ જવાબદારી નથી. એમને મહિને રૂપિયા ૧૦,૦૦૦ નું પેન્શન પણ આવે છે. એ રૂપિયામાંથી હવે એ શહીદોના પરિવારને સહાય કરે છે. અને કહે છે :

'દિવસે-દિવસે શહીદ, સૈનિકોની સંખ્યા વધી રહી છે. હું એકલી શહીદોના પરિવારોને આર્થિક મદદ કરૂ એ શક્ય નથી. એ ધ્યાનમાં રાખી મારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને મેં મદદ માટે અપીલ કરી છે. મારા એકએક વિદ્યાર્થી એના માટે તૈયાર છે અને બનતી મદદ કરે છે. બીજું, હવે મારૂ કાર્ય જોઇ શહેરના કેટલાક લોકો આગળ આવ્યા છે. એ લોકો મારા મિશનમાં જોડાયા છે અને આર્થિક મદદ પણ કરે છે. શહીદો માટેના રૂપિયા અન્ય કામમાં ન વપરાય એ માટે મારા પરિવારના સૌને જાણ કરી છે. એ ઉપરાંત, મારા લૉકરમાં એક નોટ મૂકી છે, જેમાં લખ્યું છે કે મારા એકાઉન્ટના રૂપિયા શહીદ પરિવાર માટે છે માટે એ રૂપિયાનો ઉપયોગ અન્ય કામમાં કરવો નહીં.'

પન્નાબહેન કહે છે કે દેશના શહીદ જવાનોની બનતી મદદ કરો. ફૂલ નહીં તો ફૂલની પાંખડી આપો.

– **ચિરાગ ભટ્ટ**, 'જીવદયા' મેગેઝીનમાંથી સાભાર

સંકલન : **સીએ રમેશ દેવજી ખોના**, સાંધવ (થાણા)

**સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.**

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**શ્રી કચ્છ સુજાપુર અજિતનાથજી જૈન દેરાસર અને મહાજન**

રજીસ્ટ્રેશન નં. : એ-૪૪૫, કચ્છ

સુજાપુર, તાલુકા અબડાસા (વાયા-તેરા), કચ્છ-૩૭૦ ૬૬૦.

**મિટીંગ સરક્યુલર** તા. ૧૬-૦૧-૨૦૨૧

શ્રી કચ્છ સુજાપુર અજીતનાથજી જૈન દેરાસર અને મહાજન - સુજાપુરની સામાન્ય સભા **બુધવાર, તા. ૧૭/૦૨/૨૦૨૧**ના રોજ સાંજે ૫.૦૦ થી ૬.૦૦ કલાકે સુજાપુર ગામ, તાલુકા - અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૬૦ મધ્યે રાખવામાં આવેલ છે. દરેક ગામવાસીઓને સભામાં હાજરી આપવી.

**એજન્ડા**

૧. નવા ટ્રસ્ટ બોર્ડની રચના.

૨. પ્રમુખશ્રીની મંજૂરીથી જ કાઈ રજૂઆત થાય તે.

**નોંધ :** ૧) કોરમના અભાવે મુલત્વી રહેલી સભા અડધા કલાક બાદ તેજ સ્થળે મળશે અને કાર્યવાહી કાયદેસરની ગણાશે. ૨) સભામાં અને સભા સ્થળે સોશિયલ ડીસ્ટનસીંગ અને માસ્ક પહેરવું ફરજીયાત રહેશે. ૩) સભામાં આવનાર સભ્યોએ તે વખતની કોરોના બાબત સરકારની જે પણ ગાઈડ લાઈન હશે તેનું પાલન કરવાનું રહેશે.

**લિ. શ્રી કચ્છ સુજાપુર અજિતનાથજી જૈન દેરાસર અને મહાજન સુજાપુર**

# મળવા જેવા માણસ...

## શ્રીમતી નેહલબેન અમર શાહ (ખોના), સાંધવ (દાદર)



અન્ય જ્ઞાતિમાંથી આપણી જ્ઞાતિમાં પરણીને આવેલા અન્ય એક તેજસ્વી તારલા એટલે શ્રીમતી નેહલબેન અમર શાહ (ખોના), સાંધવ (દાદર). તેઓ શ્રી ભૂપેન્દ્ર શાહ, મોરબીના (માટુંગા) સુપુત્રી છે અને ઉષાબેન ભરત ખોના, સાંધવ (મુલુંડ)ના પુત્રવધુ છે.

નેહલબેન મુંબઇ મહાનગરપાલિકા એફ વોર્ડ (માટુંગા, હિંદુ કૉલોની, દાદર, સાયન કોલીવાડા)માંથી નગરસેવિકા તરીકે ચુંટાયેલા છે. મુંબઈ મહાનગરપાલિકામાં હાલમાં એક જ કે.ડી.ઓ. કોર્પોરેટર છે. તેમણે તેમનું કોમર્સ ગ્રેજ્યુએશન પોદાર કૉલેજ (માટુંગા)માંથી કર્યું તે પછી તેમના પિતાના ટેસ્ટીંગ ઇક્વીપમેન્ટ અને પેકેજીંગ વ્યવસાયમાં જોડાયા.

લોકશાહીમાં શ્રધ્ધા ધરાવનારા નેહલબેન માને છે કે વહીવટ પ્રમાણિક અને પારદર્શી હોવું જોઇએ તથા કોઇપણ પ્રકારના લોભ, લાલચ કે લાગવગ વિનાનું હોવું જોઇએ. સમાજનો વિકાસ તથા જનતાનું સુખ સુવિધા એ જ એક માત્ર ધ્યેય હોવું જોઇએ. પાયામાંથી પરિવર્તન થાય તોજ સમગ્ર સમાજમાં પરિવર્તન આવશે. સમય આવ્યો છે કે પરિવર્તનો લાગુ થશે અને નાગરિકોને શુધ્ધ રાજકીય વ્યવસ્થા પ્રાપ્ત થશે.

**પ્ર.સ.: નેહલબેન, આપે સામાજીક સેવાઓનો પ્રારંભ કઇ રીતે કર્યો ?**

**એન.:** મારા પિતાજી ભૂપેન્દ્રભાઇ સામાજીક સેવાવો તથા જાહેર જીવનમાં પ્રવૃત્ત હતા. તેઓ ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઑફ પેકેજીંગ ના ચેરમેન તથા ફેડરેશન ઓફ કોરૂગેટેડ બોક્સ મેન્યુફેક્ચર્સના પ્રમુખ હતા. અને તેમની પાસેથી જ સમાજ માટે કાર્યો કરવાની પ્રેરણા મળી. એટલે મારામાં સામાજીક સેવાનું બીજારોપણ બાળપણમાંજ થયું.

**પ્ર.સ.: તમે લગ્ન પછી સામાજીક સેવાઓ કઇ રીતે પ્રારંભ કરી ?**

**એન.:** ઇ.સ. ૨૦૦૭માં મારા પિતાના મિત્ર શ્રી હેમંતભાઇ શેઠે મને સમાજના જરૂરતમંદોને મદદરૂપ થવાનું સુચન કર્યું. અમે ચાર જણાએ ભેગા મળી 'યંગ ઇન્ડિયા એક્શન ફોરમ' નામે એન.જી.ઓ. શરૂ કરી. જરૂરતમંદ વિદ્યાર્થીઓને સ્કુલ ફી, મેડિકલની સેવા તથા અસહાય વૃધ્ધોને ટીફીનની સેવા શરૂ કરી. પ્રાકૃતિક વાતાવરણ માટે અમોએ માટુંગા ફ્લાયઓવર નીચે બગીચો બનાવવાનો પ્રકલ્પ હાથ ધર્યો. અમારી સંસ્થા આજે પણ જરૂરતમંદોને તથા વિદ્યાર્થીઓને સહાય કરે છે.

**પ્ર.સ.: તમે રાજકારણમાં કઇ રીતે પ્રવેશ કર્યો ?**

**એન.:** મેં અનુભવ્યું કે સારી સામાજીક સેવા માટે તમને સરકારી વહીવટી તંત્ર પાસેથી મળતો સહયોગ જરૂરી છે. એટલે ઇ.સ. ૨૦૧૨માં મેં મુંબઇ મહાનગરપાલિકાની ચુંટણી લડવાનો નિર્ણય કર્યો જો કે હું તે વખતે વિજેતા નહોતી થઇ છતા મને સારી સંખ્યામાં મતો મળ્યા એટલે રાજકારણમાં મારો રસ જળવાઇ રહ્યો. ઇ.સ. ૨૦૧૭માં બીજેપીએ મને બીએમસીની ચુંટણીમાં ઉમેદવારી આપી અને હું નોંધપાત્ર મતોથી વિજયી બની.

**પ્ર.સ.: તમે તમારી રાજકીય કારકિર્દીને પુરતો સમય અને ન્યાય આપી શકો છો ?**

**એન.:** બીએમસીના બધા કોર્પોરેટર્સમાંથી મને 'એ' ગ્રેડ તથા બીજો ક્રમાંક મળેલ છે. એ કોર્પોરેટર તરીકેની મારી ગંભીરતા તથા કામગીરી દર્શાવે છે. હું મારા વિસ્તારના પ્રશ્નો માટે જાગૃત રહું છું તથા જનતાની સેવા માટે હું હંમેશા

### જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

### Note to Advertisers

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

ઉપલબ્ધ રહું છું. મેં મારા મતવિસ્તારના અનેક પ્રશ્નોને બીએમસીમાં રજુ કરી તેનો ઉકેલ લાવવા પ્રયત્નો કર્યા છે. કોરોના સંક્રમણ કાળમાં વતન પરત જવા ઇચ્છનારા ૩૫૦૦ થી વધુ નાગરિકોને જરૂરી દસ્તાવેજો અપાવ્યા છે. ઇમ્યુનીટી વધારવા ઉપયોગી હોમિયોપેથિક દવાઓનું વિતરણ કર્યું છે.

**પ્ર.સ.: આપ વિધાનસભાની ચુંટણી લડવા ઇચ્છુક છો ?**

**એન.:** મારો પક્ષ મને આદેશ આપશે તો હું જરૂર વિધાનસભાની ચુંટણી લડીશ. હું મારા ગરીબ ભાઇ-બહેનોને મદદરૂપ થવા વધુ જવાબદારી ઉપાડવા હું તૈયાર છું. સમાજને મદદરૂપ થઇને સંતોષ પ્રાપ્ત કરવો મારા માટે મહત્વનું છે.

**પ્ર.સ.: હું જાણુ છું કે તમે મુંબઇ મહાજનની ચુંટણી લડવા ઇચ્છતા હતા ?**

**એન.:** હા, મને લાગ્યું કે મારી સેવા જ્ઞાતિને આપી શકું તથા જ્ઞાતિના અમૂક કાર્યો મારા પદને કારણે સરળતાથી થઇ શકે એ માટે મેં મારૂં ઉમેદવારીપત્ર ભર્યું હતું. પણ એમાં મારી અટક ખોનાને બદલે શાહ હોવાથી તે રદ કરવામાં આવેલ હતું. હું અને મારા પતિ બને શાહ અટકનો જ ઉપયોગ કરીએ છીએ જે કાયદાકીય રીતે માન્ય ગણાય. અન્ય જ્ઞાતિઓમાંથી પરણીને કે.ડી.ઓ.માં આવેલી અનેક મહિલાઓને મુંબઇ મહાજનની ચુંટણીમાં મતદાનના અધિકારથી વંચિત રાખવામાં આવેલ. ભવિષ્યમાં આવું ન થાય એ જોવું જોઇએ.

**પ્ર.સ.: જ્ઞાતિની દિકરીઓ અને મહિલાઓ માટે આપનો સંદેશ ?**

**એન.:** તમારા જીવનને સંતુલિત બનાવી ખુશ રહેવા તથા અન્યોને ખુશી આપવા વિનંતી.

**પ્ર.સ.: નેહલબેન, સમય કાઢી માહિતી આપવા બદલ આપનો આભાર.**

– ડૉ. હીરાચંદ દંડ



**ત્રિમાસિક પુણ્યતિથિ**

**સ્વ. હિરાચંદ દામજી ધ્રોળ**

**સાંયરા – કોટડી (ડોંબીવલી)**

જન્મ : તા. ૦૩-૦૯-૧૯૬૪

સ્વર્ગવાસ : તા. ૨૫-૧૦-૨૦૨૦

**તમારા ગયા પછીનું અંધારૂં આ ઊલેચાતું નથી !**
**તમારા જેવું અંજવાળું હવે ક્યાંય થવાનું નથી !**

**લિ. ધ્રોળ પરીવાર**

## આભાર... આભાર... આભાર...

**શ્રી મુકેશ ભવાનજી શાહ (લોડાયા)**
**મોટી સિંધોડી (ડોંબીવલી)**



શ્રી મુકેશભાઇએ પ્રકાશ સમીક્ષા ટ્રસ્ટ બોર્ડ અને તંત્રી મંડળમાંથી તેમના અંગત કારણોસર અને સમયના અભાવના કારણે રાજીનામું આપ્યું છે.

શ્રી મુકેશભાઇ પ્રકાશ સમીક્ષાના એક આધારભૂત સ્તંભ હતા અને તેમના કાર્યકાળ દરમ્યાન તેમણે અનેકવિધ જવાબદારીઓ નિભાવી છે તથા અનેક કાર્યો સફળતાપૂર્વક પુર્ણ કર્યા છે. મુકેશભાઇ જેવા સંનિષ્ઠ કાર્યકર તથા કુશળ વ્યવસ્થાપકની ખોટ પ્રકાશ સમીક્ષાને વર્તાશે.

**– તંત્રી મંડળ : પ્રકાશ સમીક્ષા**

## આટલું તો આવડવું જ જોઈએ

જીવન જીવતા આવડવું જોઈએ,
સંબંધો સીવતા આવડવું જોઈએ...
અમૃત નહિ મળે રોજ બરોજ,
ઝેર પીતા પણ આવડવું જોઈએ...
વાત વાતમાં રૂઠવું સારૂં નહિ,
સહન કરતા પણ આવડવું જોઈએ...
અક્કડ ઝાડ પહેલું તૂટી જાય,
થોડું નમતા પણ આવડવું જોઈએ...
બધું કંઈ પચી નહિ શકે,
થોડું વહેંચતા પણ આવડવું જોઈએ...
ચોપડીઓ અચૂક વાંચો,
ચહેરા વાંચતા પણ આવડવું જોઈએ...
અબોલા ક્યારેય નહિં લેતા,
મન મોટું રાખતા પણ આવડવું જોઈએ...
સોગિયું મોઢું કોને ગમે ?
ખડખડાટ હસતા પણ આવડવું જોઈએ...
સંઘરાખોરી દુષણ છે,
દાન આપતા પણ આવડવું જોઈએ...
ખોટા વખાણ કરવા ચાપલુસી છે,
અરીસો બનતા પણ આવડવું જોઈએ !!...

સંકલન : **કુમાર બાબુભાઇ દંડ**, તેરા-ભાંડુપ

## વિચાર વર્તુળ

# વતનનો સાદ – ભાગ ૩

**રમેશ મુલજી લોડાયા**, ભરૂડિયા-મુલુંડ
મો.: **98203 36767**



કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ખેતી અને ખેડૂતલક્ષી વિવિધ પગલાં લીધા છે.દેશમાં તેમજ રાજ્યમાં ખેડૂતોને ખેતીની આવક વર્ષ ૨૦૨૨ સુધી ડબલ કરવાના લક્ષ્યાંક સાથે નવી નવી યોજનાઓ બનાવવામાં આવે છે. ગુજરાત સમગ્ર દેશમાં કૃષિ ક્ષેત્રે મોડેલ સ્ટેટ તરીકે સ્થાપિત થયું છે. ગુજરાત સરકારની ખેડૂત હિતલક્ષી નીતિ, સિંચાઈ, ઉત્તમ પ્રકારનાં બિયારણ, ઝીરો ટકા દરે પાક ધિરાણ સહિતની સુવિધાના કારણે ખેત ઉત્પાદનમાં વધારો થયો છે. સાથે ખેડૂતોની આવકમાં વધારો થતા ખેડૂતોનું જીવનધોરણ ઊંચું આવ્યુ છે. ખેડૂતની આવક વધે તે માટે સરકાર સતત પ્રયત્નો કરી રહી છે. ખેત ઉત્પાદનના લઘુત્તમ ટેકાના ભાવમાં સતત વધારો કરતી રહી છે. ખેડૂતોની આવક વધે તે માટે ઓર્ગેનિક ખેતી પદ્ધતિને પ્રોત્સાહન આપી રહી છે જેમાં વ્યાજમાં ૪% જેટલી સબસિડી પણ આપે છે. ફળોના રોપ માટે ૫૦% જેટલી સબસિડી આપે છે.

**કૃષિ લોનના પ્રકારો**

બેંક દ્વારા નીચે મુજબના હેતુઓ માટે ધિરાણ કરવામાં આવે છે.

નવા કુવા, ડગ- કમબોરવેલ, ઓઈલ એન્જીન, ઈલે. મોટર, પંપ સેટ, સબમર્સીબલ પંપ, સેન્ટ્રીફ્યુગલ પંપ.

જુના મશીનની જગ્યાએ ઈલે.મોટર.

કુવા ઊંડા ઉતારવા, રિપેર કરવા, બોરીંગ કરવા, કુવા રિચાર્જ કરવા.

પાતાળ કુવા બનાવવા.

પાઈપ લાઈન નાખવા (સિમેન્ટ તેમજ પી.વી.સી.).

લીફ્ટ ઈરીગેશન.

સ્પ્રીન્કલર ઈરીગેશન (ફુવારા પદ્ધતિથી પિયત).

ડ્રીપ ઈરીગેશન (ટપક પદ્ધતિથી પિયત).

પાણીના ટાંકા કરવા. (સિંચાઈ માટે).

દુધાળા પશુઃ ભેસ, ગાય, શંકર ગાય.

દુધઘર, મિલ્કો ટેસ્ટર (દૂધ મંડળીઓ), બલ્ક કુલર.

ડેરી ડેવલપમેન્ટ : ડેરી પ્લાન્ટ, શીત કેન્દ્રો તેમજ વિસ્તૃતીકરણ.

ફાર્મ હાઉસ, કેટલ શેડ બાંધવા, તેમજ સાયલોપીટ બનાવવા.

બળદ, બળદ ગાડા ખરીદવા.

ઊંટ, ઊંટ ગાડી.

ગોડાઉન બાંધવા : (ખેત પેદાશ-સંગ્રહ : રાષ્ટ્રીય ગ્રીડ યોજના અન્વયે સહકારી મંડળીને)

દૂધ સહકારી મંડળીઓને ગોચર, જમીનમાં ઘાસચારાના પ્લોટ :(સહાય હોય તેવા કાર્યક્રમ માટે )

ગોબર ગેસ પ્લાન્ટ.

ટ્રેક્ટર, ટ્રેલર, પાવર ટ્રીલર, મીની ટ્રેક્ટર, થ્રેસર, ઓપનર, હાર્વેસ્ટર કમ્બાઈન્ડ.

હોર્ટીકલ્ચર, : પ્લાન્ટેશન અને નર્સરી.

ફ્લોરી કલ્ચર : ફુલના ઉછેરની ખેતી જેમ કે ગુલાબ, મોગરા, લીલી વગેરે.

નીલગીરી ઉછેર : અન્ય ઝાડ

શાકભાજીના કાયમી માંડવા બાંધવા.

જમીન સુધારણા અને જમીન સમતળ કરવા,

વાયર ફેન્સીંગ (તારની વાડબનાવવા) : બગીચાઓ, બાગ વિસ્તારમાં પાકના રક્ષણ માટે.

ખેતીવાડી ઉત્પન્ન બઝાર સમિતિના બાંધકામ, ગોડાઉન, શોપ્સ, ઓફીસ બિલ્ડીંગ : (માર્કેટ યાર્ડ ડેવલપમેન્ટ).

પાક ધિરાણ -ખાતર, બિયારણ, જંતુનાશક દવાઓ, મજૂરી, ડીઝલ, ઇલેક્ટ્રિસિટી બિલ

ધિરાણ મેળવવા માટે ઇચ્છનાર ખેડૂત ખાતેદારે તેઓની જમીન બેંકની જે શાખાના કાર્યવિસ્તારમાં આવતી હોય તે તાલુકા કક્ષાની શાખામાંથી અરજી ફોર્મ મેળવી, તેમાં પૂર્ણ વિગતો ભરી, સહી કરી, તેની સાથે જરૂરી રેવન્યુ રેકર્ડની નકલો સાથે બેંકની શાખામાં આપવાનું હોય છે. ત્યારબાદ મેનેજર/સુપરવાઈઝર તે સ્થળની ખરાઈ કરવા જાય છે. સૂચિત સુધારણા આર્થિક રીતે પોષણક્ષમ છે કે નથી? તકનીકી રીતે યોગ્ય છે કે નથી? ધિરાણ પરત ચૂકવણી ની સગવડ, અને ગીરોમાં લેવાની જમીન ના ટાઈટલ વિગેરે વિવિધ પાસાઓ ની ચકાસણી કરી જો તેઓને સંતોષકારક લાગે તો તે ધિરાણ અરજીને મંજુર કરે છે, અથવા ઉપરી અધિકારીને ભલામણ સાથે મોકલી આપે છે.

લોન મંજુર થયે બેંક દ્વારા અરજદારને ધિરાણ મંજુરીની રકમ અને શરતો અંગે જાણ કરવામાં આવે છે ત્યારબાદ

અરજદારની જમીનનું બેંકની તરફેણમાં ગીરોખત નોંધણી થાય છે. અને રેવન્યુ રેકોર્ડમાં બેંકના ગીરો બોજાની નોંધણી કરવામાં આવે છે. અને લોન વિતરણ કરવામાં આવે છે. આ લોનમાં વ્યાજ દર ઓછો હોય છે. ઘણી લોનોમાં સબસિડી પણ મળે છે.

કચ્છ-હાલારમાં આપણા ઘણાં ભાઈઓની જમીન, છે જે અન્ય સમાજનાં લોકો ખેડી રહ્યા છે તે સહજ રીતે ગામડે વસવાટ કરનારાઓને મળી શકે તેમ છે. એમનાં મકાનો પણ મળી શકે છે. આપણે સૌએ આધુનિક સુખ અને સમૃધ્ધી માટે શહેર ભણી દોટ મુકી છે. આ કારમી કોરોનાએ શહેરની યાતના છતી કરી દીધી છે. સમય છે વતન તરફ પાછા ફરવાનો. પરંતુ શહેરની મોહમાયા અસાનીથી નીકળવા દે તેમ નથી. જરૂર છે સાહસ સાથે તૈયાર થવાની.

* * *

## સારપ, શ્રમ અને સંઘર્ષનું સન્માન




કોઈ હોટેલમાં મોટા અક્ષરમાં લખેલ એક વાક્ય માલિકના ગલ્લાની પાછળ વાંચવા મળેલ, જે આ પ્રમાણે હતું. 'અમારી હોટેલની સામગ્રી અને સેવા જો સંતોષજનક લાગી હોય તો અન્ય સૌને કહેજો, અને જો કંઈ સુજાવ કે ફરિયાદ હોય તો અમને કહેજો' આ વાક્ય, હાલના જમાનામાં જેને consumer feedback કહે છે તે માની શકાય. આ વ્યવસ્થા કે પદ્ધતિ ને અનુસરીને પ્રકાશ સમીક્ષા માટે મારા વિચાર આ 'ચર્ચાના ચોતરે' મારફતે રજુ કરૂં છું.

ચાર પાંચ સંસ્થાઓ સાથેના મારા અનુભવે અને ક્ષમાયાચના સાથે કહી શકું છું, કે કોઈક અપવાદ સિવાય મોટા ભાગની સંસ્થાઓમાં અગ્રણી કાર્યકરો કે કારોબારીના સભ્યો પોતાના નજીકના વ્યક્તિઓને આગળ લાવવા માટે પ્રયત્નશીલ રહે છે, પછી ભલે તે વ્યક્તિ, જે પ્રવૃત્તિ દ્વારા તેને આગળ લાવવા કોશિશ કરે છે તેને યોગ્ય હોય કે નહીં. આજ બદી રાજકારણમાં પણ બહુ મોટા પ્રમાણમાં લગભગ દરેક પક્ષમાં વત્તે ઓછે અંશે જોવા મળે છે. જેના માટે સગાવાદ કે લાગવગ શબ્દ પ્રચલિત છે. પ્રકાશ સમીક્ષામાં હાલ ૧૨ ટ્રસ્ટીઓ છે અને બહુધા ટ્રસ્ટીઓ પ્રકાશ સમીક્ષામાં બહુજ જરૂરી હોય તો જ લખે છે; અને સ્વપ્રસિદ્ધિ કે સ્વજનોની પ્રસિદ્ધિથી દૂર રહે છે, જે પ્રશંસનીય છે અને કદાચ આ કારણે જ પ્રકાશ સમીક્ષાએ ૯૪ વર્ષની સફર પુરી કરી છે.

અન્ય એક બાબત મને નોંધપાત્ર લાગી છે જેનો ઉલ્લેખ કરૂં છું. થોડા સમય પહેલાં તંત્રી શ્રી હીરાચંદભાઈએ જ્ઞાતિના મહિલા શ્રીમતી નવલબેન નારાણજી નાગડા જે આર્થિક રીતે જ્ઞાતિના નબળા પરિવારમાંથી આવે છે અને રસોઈનું કામ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે; તેમની તેમના પતિની તથા પુત્રની બીમારી અને તેના કારણે કર્મનિવૃત્તિ ને લીધે જે સંઘર્ષ કરે છે તેની વિગત ૫મી ઓક્ટોબર ૨૦૨૦ના પ્રકાશ સમીક્ષાના 'મળવા જેવા માણસ' વિભાગમાં છાપેલ છે. મોટા ભાગે સમાજ કે સંસ્થાઓ સફળ એટલે કે ઉચ્ચ શિક્ષિત અને ઉચ્ચ પદવી કે સ્થાન પ્રાપ્ત અને સાધન સંપન્ન વ્યક્તિઓનું જ ગુણગાન કરે છે, ત્યારે આવા કર્મનિષ્ઠ અને જેને ખરા અર્થમાં અન્નપૂર્ણા કહી શકાય તેવા ગૃહિણીના સંઘર્ષને ઉજાગર કરીને શ્રી હીરાચંદભાઈએ જે ચીલો ચિતરેલ છે તે અનુમોદનીય છે અને આને સ્ત્રી દાક્ષણ્યનું ઉત્તમ ઉદાહરણ કહી શકાય.

આઠમી માર્ચ જે 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' તરીકે ઉજવાય છે અને તે દિવસે જ્ઞાતિની 'પરબ સંજીવની' સંસ્થા આપણી જ્ઞાતિની સફળ મહિલાઓનું સન્માન કરે છે. મારો તે સંસ્થાના સુત્રધારોને અનુરોધ છે કે જે બહેનનો પરિચય શ્રી હીરાચંદભાઈએ પ્રકાશ સમીક્ષામાં છાપેલ તેમનું પણ આ દિવસે સન્માન કરે અને માત્ર સફળતા નહીં પણ સંઘર્ષ અને શ્રમનું પણ સન્માન કરીને પરબ પણ એક નવો ચીલો કે કેડી કંડારે.

ભારત સરકારના શ્રમ મંત્રાલય દ્વારા શ્રમજીવીઓ એટલે કે જેઓ સરકારી કારખાનામાં કામ કરે છે; તેના માટે 'શ્રમવીર' એવોર્ડ્સ દર વર્ષે આપે છે, તે સૌને વિદિત હશે. શ્રમ અને સંઘર્ષ એ સફળતાનાં અદ્રશ્ય ભાગ છે, અને ક્યારેક તેને પણ ઉજાગર કરવા જરૂરી છે.


જોગાનુજોગ આજ અંકમાં મારો એક લેખ 'વૃદ્ધાશ્રમ :- સમયોચિત જરૂરિયાત : ભાગ-૧ વૃદ્ધાવસ્થાની વેદના' પ્રગટ થયેલ છે જેમાં મેં લખેલ છે કે 'મનગમતી રચનાત્મક પ્રવૃત્તિની વ્યસ્તતા અને વ્યવસ્થિત જીવનશૈલી આ વૃદ્ધાવસ્થાની પરિસ્થિતિના કારણે ઉત્પન્ન થતી નકારત્મક અસરોને ઓછી કે સહવા યોગ્ય બનાવે છે'. શ્રીમતી નવલબેન ૬૭ વર્ષની ઉંમરે પણ કાર્યરત છે, જે મારા આ વાક્યને યોગ્ય ઠહેરાવે છે.

– **પ્રવિણચંદ્ર શામજી ધરમશી (શાહ)**, કોઠારા – સુરત
મોબાઈલ : ૯૯૭૮૯૦૩૨૪૭

**અતીતની અટારીએથી**

# ''ઘડિયાલ ગોદીથી કચ્છ-માંડવીની દરિયાઈ સફર (૧૧)''

**સોમ ધરમશી**
મો. 97267 76627



(ગતાંકથી ચાલુ...)

ચંદન સાથે હવે અમે પ્રોપોલરના કારણે દરિયામાં ઉછળતા મોજા જોઈ પાછા ફરી રહ્યા હતા. વિશાળ અને અફાટ દરિયો ચારે તરફ નજર આવતો હતો. ત્યાં ક્ષિતિજ પર એક કાળા ટપકા જેવું કાંઈક દ્રશ્યમાન થયું. મને વધારે વિસ્મય ત્યારે થયું જ્યારે એ કાળું ટપકું ધીરે ધીરે એક સ્ટીમરમાં પરિણમ્યું.

એ સ્ટીમર અમારી સ્ટીમરથી ઘણી દૂર હતી, એ સ્ટીમર પર માણસોની ચહેલ-પહેલ દેખાતી ન હતી. મોટા મોટા બોક્ષ ખડકાયેલા નજરે પડતા હતા. એ સ્ટીમરના ઉપરના ભાગની કેબીન માંથી સફેદ ગણવેશધારી વ્યક્તિ લીલા કલરનો ઝંડો ફરકાવી રહી હતી.

મારા મનમાં અચાનક શંકા જાગી. મારું કુતુહલ પ્રિય મન આવા પ્રસંગો જુએ એટલે શંકા-કુશંકા કરી જ નાખે. મેં ગભરાઈને ચંદનનો હાથ ઘટ પકડી લીધો અને પૂછ્યું **''ધરિયામેં બ સ્ટીમર અચાનક ભટકાઈ ન પેં ?''**

ચંદન પોતાના નાજુક હાથની હથેળીને મોઢા પર ઢાંકી ખડખડાટક હસવા લાગી. હું ખસિયાણો પડી ગયો. મને મારી મુર્ખતા પર મનોમન રડવાનું આવ્યું પણ ચંદન હસતી હતી ત્યારે એના ગાલમાં પડતા ખંજન મને ગમવા લાગ્યા. ચંદન એક શિક્ષિકાની માફક મને સમજાવવા લાગી. સ્ટીમરની એકદમ ઉપર આવેલી કેબિન તરફ ઈશારો કરી કહ્યું ''જો, કેબિનના ઉપર એક ત્રિશુલ આકારનો સળિયો છે તેનાથી સ્ટીમરના કેપ્ટન સાંકેતિક ભાષામાં સંદેશાની આપ-લે કરે. સ્ટીમરની કેબિનમાં એક સ્ક્રીન હોય છે. સ્ટીમરની આજુ-બાજુ ત્રણ માઈલમાં કોઈ બીજી સ્ટીમર પ્રવેશે તો તે સ્ક્રીનમાં ઝડપાઈ જાય. એક ખલાસી સતત એ સ્ક્રીન ઉપર નજર રાખે છે. ગયા વખતે મારા મામા સાથે સ્ટીમરમાં ગઈ હતી તો મામાના એક મિત્રની કેપ્ટન સાથે ઓળખાણના કારણે કેબિનમાં જવા મળેલું અને ત્યારે આ બધુ વિસ્તારપૂર્વક સમજાયેલું.''

હવે અમે સ્ટીમરની તુતકના એકદમ આગળના ભાગમાં આવી ગયા હતા. આ ભાગમાં જવા માટે સીડી ચડીને જવાતું હતું. ચંદને સંભાળીને મને સીડી ચડાવી, એકદમ આગળ રેલિંગ પાસે લઈ ગઈ. મને પોતાની આગળ રાખી ખભામાંથી પકડી મારી પાછળ ગોઠવાઈ ગઈ.

પશ્ચિમમાં સુર્યદેવ પોતાની સવારી પુરી કરી સંધ્યાદેવીનાં રંગો આકાશમાં પૂરી, દરિયામાં ડુબવાની તૈયારી કરી રહ્યા હતા. ધીમે ધીમે ડુબતા સુર્યના અવનવા રંગોથી રંગાયેલા કિરણો મારા અને ચંદનના મુખને પોતાની આભાથી રંગી રહ્યા હતા. મેં ધીમેથી ચંદન તરફ જોવા માંડ્યું.

એના ગાલ તો પહેલા જ ગુલાબી હતા હવે તે વધુ આકર્ષિત લાગ્યા. તેણે મારા ખભા ઉપર હાથ મુક્યો હતો મને સંભાળવા. હું તોફાની બારકસ ક્યાંક દરિયામાં પડી ના જાવું તેની ફિકરમાં તેણે પોતાની પકડ વધુ મજબુત કરી. મેં મારા હાથના પંજાથી એના હાથના પંજાને પકડી લઈ સલામતી અનુભવી. હું મોટો થયો ત્યારે જ્યારે જ્યારે ''ટાઈટેનીક'' ફિલ્મ જોઈ ત્યારે આ દ્દશ્ય મારી નજર સમક્ષ તરવરવા લાગ્યું.

તુતક પાસેના ડેકમાં વધારે જૈન વાણિયા હોવાથી ''ચોવિહાર'' કરવાની તૈયારી રૂપે ભાથાના ડબ્બા ફરી ખુલ્લી રહ્યા હતા. મારા અને ચંદનના માતુશ્રીએ અમને જમવા બોલાવવા હાક મારી. પણ સંધ્યાના છવાયેલ રંગોમાં, દરિયાના ઉછળતા મોજાઓની હાજરીમાં અમારા બન્નેના મુખારવિંદ ઉપર દરિયાના પાણીની છાંટ આવતી હતી, તેના આનંદમાંથી મુક્ત થવાની અમને બન્નેને જરા પણ ઈચ્છા ન હતી. ત્યાં તો સિપાઈ ચોરને પકડવા આવે તેમ માતાજીની ''ચમચી'' મોટી બહેન કેડ ઉપર બે હાથ મુકી પ્રશ્નાર્થ ચિહ્નની માફક અમારી સામે ખોડાઈ ગઈ. ના છુટકે એ અસીમ આનંદમાં વિક્ષેપ પાડી અમારે તુતક ઉપરથી ઉતરી ચોવિહાર કરવા વિચરવું પડ્યું. સાચું પુછો તો અમારા બન્ને માંથી એકેની ઈચ્છા ચોવિહાર કરવાની ન હતી. **પણ જિંદગીમાં આપણે ઈચ્છીએ છીએ એવું કેટલા ટકા બનતું હોય છે.**

થાળીમાં પિરસાયેલ નાસ્તાના બે ગ્રાસ મોઢામાં મુકી ચોવિહાર પુરો કરી તુતક પર ફરી જવાની ઈચ્છા દર્શાવી પણ...

એ સલુણી સંધ્યાની અણમોલ ક્ષણો મારા જીવન માટે એક અનોખી યાદ, આ યાદગાર સફરનું નઝરાણું બની ગઈ.

(વધુ આવતાં અંકે)

|| શ્રી ચંદ્રપ્રભુ સ્વામીયે નમઃ ||   **ટ્રસ્ટ રજી. નંબર : E – ૫૬૪ (કચ્છ)**

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન – નલીયા (કચ્છ)

ધર્મશાળા ફલીયા, નલીયા, તા. અબડાસા (કચ્છ), પીન નં. ૩૭૦૬૫૫. ફોન નં. ૦૨૮૩૧-૨૨૨૩૩૭

## ૩૧ મી માર્ચ ૨૦૨૦ ના રોજ પુરા થતા વર્ષનું મહાજન આવક-જાવક પત્રક

| આવક | | રકમ |
|---|---|---|
| ભાડા આવક | | – |
| દુકાન ભાડા | | ૨૭૦૦૦.૦૦ |
| વ્યાજ | | |
| બેંક F/D ખાતા પર | ૬૩૬૫૮૮.૮૯ | |
| બેંક S/B ખાતા પર | ૮૨૮૭૪.૦૦ | |
| ઈન્કમ ટેક્ષ રીફંડ પર | ૮૩૯૮.૦૦ | ૭૨૭૮૬૦.૮૯ |
| દાન | | |
| સાધર્મિક ભક્તિ | ૩૭૧૯૦.૦૦ | |
| આંયબીલ ભેટ | ૬૮૭૦.૦૦ | |
| સાધુ-સાધ્વી વૈયાવચ્ચ | ૧૦૮૨૧.૦૦ | |
| સંઘ જમણ ભેટ | ૪૨૯૯૭૯.૦૦ | |
| સાધારણ ભેટ | ૨૭૩૩૭૦.૦૦ | |
| સર્વ સાધારણ ભેટ | ૩૨૮૦૦૦.૦૦ | |
| પંચાન્હિકા મહોત્સવ | ૧૦૦૦.૦૦ | |
| જ્ઞાતિ સંમેલન | ૨૮૧૭૦૦૦.૦૦ | ૩૯૦૪૨૩૦.૦૦ |
| અન્ય આવક | | |
| વાસણ/ગાદલા ભાડા | ૨૫૦.૦૦ | |
| પરચુરણ આવક | ૧૭૭૦.૦૦ | ૨૦૨૦.૦૦ |
| ઈન્કમ ટેક્ષ કાયદા પ્રમાણે એકુમ્યુલેટ (વર્ષ ૨૦૧૭-૧૮) ખર્ચ | | ૧૨૨૦૧૦.૦૦ |
| કુલ્લ આવક | | ૪૭૮૩૧૨૦.૮૯ |
| કુલ ₹ | | **૪૭૮૩૧૨૦.૮૯** |

| ખર્ચ | | રકમ |
|---|---|---|
| મિલકત અંગેનો ખર્ચ | | – |
| મરામત અને નિભાવ | | ૪૯૦૪૫.૦૦ |
| વહીવટી ખર્ચ | | |
| સ્ટાફ પગાર | ૧૭૧૦૦૦.૦૦ | |
| સ્ટાફ બોનસ | ૧૩૦૦૦.૦૦ | |
| પોસ્ટેજ તથા કુરીઅર | ૨૫૪૦.૦૦ | |
| બેંક કમીશન | ૬૧૭.૦૦ | |
| જાહેરાત ખર્ચ | ૧૩૯૧૮.૦૦ | |
| પ્રિન્ટીગ તથા સ્ટેશનરી | ૯૯૦૦.૦૦ | |
| ટેલીફોન ખર્ચ | ૧૬૪૦.૦૦ | |
| ઓફીસ ખર્ચ | ૩૯૦૫.૦૦ | |
| મુસાફરી ખર્ચ | ૫૦૦.૦૦ | |
| પ્રોફેશનલ ફી | ૨૦૦૦.૦૦ | |
| ઈલેક્ટ્રીસીટી બીલ | ૫૩૬૧૭.૦૦ | ૨૭૨૬૩૭.૦૦ |
| ઓડીટ તથા ઈન્કમ ટેક્ષ ફી તથા અન્ય ફી | | ૫૦૧૫૦.૦૦ |
| ચેરીટી ફાળો અને ફી | | ૧૩૯૧૧.૦૦ |
| ડેડ સ્ટોક મરામત | | ૩૧૨૨૦.૦૦ |
| ઘસારો | | ૩૨૨૩૬.૦૦ |
| ટ્રસ્ટના હેતુઓ અંગેનું ખર્ચ | | |
| ધાર્મિક ખર્ચ | | |
| સાધારણ ખર્ચ | ૧૪૭૬૪૧.૦૦ | |
| સાધુ-સાધ્વી વૈયાવચ્ચ | ૪૮૭૭૯.૦૦ | |
| ચાતુર્માસ ખર્ચ | ૩૨૪૪૮૭.૦૦ | |
| આયંબીલ ખર્ચ | ૧૦૩૪૦.૦૦ | ૫૩૧૨૪૭.૦૦ |
| અન્ય ધર્માદા હેતુ અંગે ખર્ચ | | |
| સંઘ જમણ | ૬૦૩૧૮૩.૦૦ | |
| જ્ઞાતિ સંમેલન ખર્ચ | ૩૯૧૦૦૦.૦૦ | ૯૯૪૧૮૩.૦૦ |
| ઈન્કમ ટેક્ષ કાયદા પ્રમાણે એકુમ્યુલેટ | | ૨૦૨૫૦૦૦.૦૦ |
| કુલ્લ ખર્ચ | | ૩૯૯૯૬૨૯.૦૦ |
| ચાલુ સાલે ખર્ચથી આવકમાં વધારો સરવૈયામાં લઇ ગયા | | ૭૮૩૪૯૧.૮૯ |
| કુલ ₹ | | **૪૭૮૩૧૨૦.૮૯** |

## તા. ૩૧મી માર્ચ ૨૦૨૦ ના રોજનું સરવૈયું

| ફંડો અને જવાબદારી | | રકમ |
|---|---|---|
| ટ્રસ્ટ ફંડ | | – |
| ગઇ સાલની બાકી | | ૨૮૯૮૫૬૦.૭૫ |
| આજીવન સભ્યપદ ફી | | |
| ગઇ સાલની બાકી | | ૨૮૨૭૦૦.૦૦ |
| ભોજનશાળા ફંડ – ગઇ સાલની બાકી | | ૬૩૬૭૬૩૭.૧૩ |
| ઉપાશ્રય બાંધકામ ફંડ – ચાલુ સાલમાં આવેલ દાન | | ૫૭૮૦૦૦.૦૦ |
| અંકિત ફંડ – અલગ પરિ નં. ૧ મુજબ | | ૧૪૨૮૦૭૯.૩૫ |
| ઈન્કમ ટેક્ષ કાયદા પ્રમાણે એકમ્યુલેટ | | |
| (વર્ષ ૨૦૧૭-૧૮) | ૧૩૭૭૯૯૦.૦૦ | |
| (વર્ષ ૨૦૧૯-૨૦) | ૨૦૨૫૦૦૦.૦૦ | ૩૪૦૨૯૯૦.૦૦ |
| આવક ખર્ચ ખાતું | | |
| ગઇ સાલની બાકી | ૨૬૯૬૧૧૫.૦૫ | |
| વધારો ચાલુ સાલે ખર્ચથી | | |
| આવકમાં વધારો | ૭૮૩૪૯૧.૮૯ | ૩૪૭૯૬૦૬.૯૪ |
| કુલ ₹ | | **૧૮૪૩૭૫૭૪.૧૭** |

| લેણાં | | રકમ |
|---|---|---|
| સ્થાવર મિલકત અલગ પરિ નં. ૨ મુજબ | | ૪૨૭૪૬૧૪.૦૦ |
| રોકાણ F.D. | | |
| SBI બેંક નલીયા | ૪૦૫૮૦૮૧.૦૦ | |
| ICICI બેંક, નલીયા | ૫૦૦૦૦૦૦.૦૦ | |
| યુનાઈટેડ બેંક, મુંબઈ | ૧૧૦૦૦૦૦.૦૦ | ૧૦૧૫૮૦૮૧.૦૦ |
| ડેડ સ્ટૉક ફર્નીચર અલગ પરિ નં. ૩ મુજબ | | ૨૩૧૦૬૪.૦૦ |
| ડીપોઝીટ | | |
| મહાજનવાડી મીટર ડીપોઝીટ | ૮૫૦૦.૦૦ | |
| દુકાન મીટર ડીપોઝીટ | ૮૨૨૨.૦૦ | ૧૬૭૨૨.૦૦ |
| T.D.S. ૨૦૧૮-૧૯ | ૬૧૮૮૪.૦૦ | |
| T.D.S. ૨૦૧૯-૨૦ | ૬૧૧૬૭.૦૦ | ૧૨૩૦૫૧.૦૦ |
| વસુલ નહી આવેલ રકમ – વ્યાજ વસુલાત | | ૫૯૨૭૬૭.૮૯ |
| રોકડ અને બેંકો | | |
| SBI બેંક નલીયા | ૨૨૩૮૮૧૬.૨૧ | |
| ICICI બેંક, નલીયા | ૮૦૫૧૦.૧૧ | |
| અરિહંત બેંક, મુંબઈ | ૧૧૦૦૨.૦૩ | |
| યુનાઈટેડ બેંક, મુંબઈ | ૬૬૭૫૯૮.૯૩ | |
| પુરાંત હાથ પર (કચ્છ) | ૪૩૩૪૭.૦૦ | ૩૦૪૧૨૭૪.૨૮ |
| કુલ ₹ | | **૧૮૪૩૭૫૭૪.૧૭** |

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન – નલીયા વતી (ટ્રસ્ટીગણ)**   ઓડીટર્સ : **લાલકા એન્ડ લાલકા** LLP (ગાંધીધામ) તા. ૧૪-૦૯-૨૦૨૦

|| શ્રી ચંદ્રપ્રભુ સ્વામીયે નમઃ || **ટ્રસ્ટ રજી. નંબર : ઈ - ૧૦૫૧ (કચ્છ)**

# શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ - નલીયા (કચ્છ)

નલીયા (કચ્છ), તા. અબડાસા - ૩૭૦૬૫૫.

## તા. ૩૧ મી માર્ચ ૨૦૨૦ ના રોજ પુરા થતા વર્ષનું આવક-જાવક પત્રક

| આવક | | રકમ | ખર્ચ | | રકમ |
|---|---|---|---|---|---|
| B.S.N.L. ટાવર ભાડા | ૧૧૭૩૦૦.૦૦ | | મિલ્કત અંગેનો ખર્ચ | | |
| ખેતર ભાડા | ૧૧૦૦૦.૦૦ | ૧૨૮૩૦૦.૦૦ | મરામત અને રીપેરીંગ | | ૫૬૦૯૭૦.૦૦ |
| | | | વહીવટી ખર્ચ | | |
| વ્યાજ | | | સ્ટાફ પગાર | ૧૮૩૦૦૦.૦૦ | |
| બેંક F/D ખાતા પર | ૬૦૫૬૩૦.૦૦ | | સ્ટાફ બોનસ | ૧૪૦૦૦.૦૦ | |
| બેંક S/B ખાતા પર | ૭૧૦૫૮.૦૦ | | ઈલેક્ટ્રીસીટી બીલ | ૧૪૨૫૫.૦૦ | |
| ઈન્કમ ટેક્ષ રીફંડ પર | ૪૦૮૧.૦૦ | ૬૮૦૭૬૯.૦૦ | પોસ્ટેજ તથા કુરીઅર | ૯૨૯.૦૦ | |
| | | | પ્રિન્ટીંગ તથા સ્ટેશનરી | ૭૬૬૨.૦૦ | |
| દાન ભેટ | | | મુસાફરી ખર્ચ | ૯૬૦૦.૦૦ | |
| સદ્‌ગૃહસ્થોની ભેટ | ૧૨૬૮૩૧૧.૦૦ | | વેહીકલ પેટ્રોલ તથા રીપેરીંગ | ૮૯૬૦.૦૦ | |
| વસ્તુ ભેટ | ૩૫૨૨૭૫.૦૦ | ૧૬૨૦૫૮૬.૦૦ | જાહેરાત ખર્ચ | ૩૨૧૫૯.૦૦ | |
| | | | બેંક કમીશન | ૯૦૧.૯૦ | ૨૭૧૪૬૬.૯૦ |
| સરકારી સબસીડી | | ૧૨૫૫૪૮૫.૦૦ | ઓડીટ ફી તથા ઈન્કમ ટેક્ષ ફી | | ૨૯૫૦૦.૦૦ |
| | | | ચેરીટી ફાળો અને ફી | | ૨૭૯૧૫.૦૦ |
| અન્ય આવક | | | ડેડ સ્ટોક ફર્નીચર મરામત | | ૧૬૫૦૦.૦૦ |
| ઢોર વેચાણ | ૧૪૮૮૦૫.૦૦ | | ઘસારો | | ૧૦૧૨૦.૦૦ |
| ખાતર વેચાણ | ૫૭૦૦૦.૦૦ | | ખેતીવાડી ખર્ચ | | ૧૫૩૪૭૦.૦૦ |
| ખેતીવાડી આવક | ૧૬૦૦૦૦.૦૦ | | પાંજરાપોળ રનીંગ ખર્ચ | | |
| દુધ વેચાણ | ૫૧૯૩૩૮.૦૦ | | ઢોર માવજત | ૩૦૨૪૨૭.૦૦ | |
| ઢોર ભાડા | ૧૯૨૫૫.૦૦ | | ઢોર ચારાણી-મીરાણી ખર્ચ | ૨૨૬૩૨૭.૦૦ | |
| ખાલી બારદાન વેચાણ | ૩૬૯૬.૦૦ | | ડાંઢર વતરા ખરીદી ખર્ચ | ૧૩૮૩૯૯૦.૦૦ | |
| ભંગાર વેચાણ | ૨૨૦૦.૦૦ | ૯૧૦૨૯૪.૦૦ | લીલો ચારા ખરીદી ખર્ચ | ૬૬૫૫૬૦.૦૦ | |
| | | | ખાણ ભૂસા ખરીદી ખર્ચ | ૬૩૧૨૯૦.૦૦ | |
| ઢોર ભાડા ડીપોઝીટ માંડી વાળવા | | ૮૪૦૦૦.૦૦ | કુતરાના રોટલા, પક્ષી ચણ | ૭૦૯૦.૦૦ | ૩૨૧૬૬૮૪.૦૦ |
| | | | કુલ્લ ખર્ચ | | ૪૨૮૬૬૨૫.૯૦ |
| કુલ્લ આવક | | ૪૬૭૯૪૩૪.૦૦ | ખર્ચથી આવકમાં વધારો | | |
| | | | આવક જાવક ખાતે | | ૩૯૨૮૦૮.૧૦ |
| **કુલ ₹** | | **૪૬૭૯૪૩૪.૦૦** | **કુલ ₹** | | **૪૬૭૯૪૩૪.૦૦** |

## તા. ૩૧ મી માર્ચ ૨૦૨૦ ના રોજનું સરવૈયું

| ફંડો અને જવાબદારી | | રકમ | મિલકત લેણાં | | રકમ |
|---|---|---|---|---|---|
| ટ્રસ્ટ ફંડ | | - | સ્થાવર મિલકત | | - |
| | | | ગઈ સાલની બાકી | ૨૩૬૪૬૩.૦૦ | |
| ગઈ સાલના બાકી | | ૨૧૦૭૯૨.૨૨ | ચાલુ સાલે ખર્ચ | ૨૨૨૧૩૪.૦૦ | ૪૫૮૫૯૭.૦૦ |
| | | | ગોડાઉન બાંધકામ | | |
| શ્રી કાયમી ઘાસચારા | | | ચાલુ સાલે ખર્ચ | | ૫૫૨૨૮૪.૦૦ |
| જીવદયા ફંડ | | | | | |
| ગઈ સાલની | ૧૧૪૦૩૪૬૦.૭૩ | | રોકાણ F.D. | | |
| | | | દેના બેંક, નલીયા F.D. | ૩૨૦૪૬૪૭.૦૦ | |
| ચાલુ સાલમાં આવેલ ભેટ | ૧૫૧૦૦૦.૦૦ | ૧૧૫૫૪૪૬૦.૭૩ | ICICI બેંક, નલીયા F.D. | ૫૫૦૦૦૦૦.૦૦ | ૮૭૦૪૬૪૭.૦૦ |
| | | | ફર્નિચર - ફિક્ષચર | | |
| જવાબદારીઓ (ડીપોઝીટ) | | | ગઈ સાલની બાકી | ૮૦૫૪.૦૦ | |
| | | | ઘસારો | ૮૦૫.૦૦ | ૭૨૪૯.૦૦ |
| ઢોર ભાડા ડીપોઝીટ | | ૯૬૦૦૦.૦૦ | હીરા હોન્ડા ટુ વ્હીલર | | |
| | | | ગઈ સાલની બાકી | ૬૨૧૦૧.૦૦ | |
| આવક-જાવક ખાતું | | | ઘરાસો | ૯૩૧૫.૦૦ | ૫૨૭૮૬.૦૦ |
| | | | પી.જી.વી.સીએલ ડીપોઝીટ | | ૪૪૪૦.૦૦ |
| ગઈ સાલની બાકી | -૫૨૪૯૦.૯૨ | | સ્ટોક | | |
| ચાલુ સાલે ખર્ચ થી | | | ડાંઢર વતરો સ્ટોક | ૪૮૦૦૦૦.૦૦ | |
| આવકમાં વધારો | ૩૯૨૮૦૮.૧૦ | ૩૪૦૩૧૭.૧૮ | ખણ ભૂસા સ્ટોક | ૯૭૮૨૫.૦૦ | ૫૭૭૮૨૫.૦૦ |
| | | | વસુલ નહી આવેલ રકમ | | |
| | | | વ્યાજ વસુલાત | ૨૮૯૩૩૮.૦૦ | |
| | | | ટી.ડી.એસ. (૨૦૧૮-૧૯) | ૫૫૦૫૧.૦૦ | |
| | | | ટી.ડી.એસ. (૨૦૧૯-૨૦) | ૬૦૫૬૪.૦૦ | ૪૦૪૯૫૩.૦૦ |
| | | | રોકડ અને બેંક | | |
| | | | દેના બેન્ક, નલીયા | ૫૨૮૮૦૩.૧૩ | |
| | | | અરિહંત બેંક મુંબઇ | ૨૫૮૯૫.૫૦ | |
| | | | ICICI બેંક, | ૨૪૦૫૭૨.૦૦ | |
| | | | યુનાઈટેડ બેંક, મુંબઈ | ૫૮૯૯૨૩.૫૦ | |
| | | | પુરાંત હાથ પર (કચ્છ) | ૫૩૫૯૫.૦૦ | ૧૪૩૮૭૮૯.૧૩ |
| **કુલ ₹** | | **૧૨૨૦૧૫૭૦.૧૩** | | | **૧૨૨૦૧૫૭૦.૧૩** |

**શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ - નલીયા (ટ્રસ્ટીગણ)** ઓડીટર્સ : **લાલકા એન્ડ લાલકા** LLP (ગાંધીધામ) તા. ૧૪-૦૯-૨૦૨૦

॥ શ્રી ચંદ્રપ્રભ સ્વામીને નમઃ ॥

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - નલીયા

તા. ૧૮-૦૧-૨૦૨૧

### સામાન્ય સભાની જાહેરખબર

મહાજનશ્રીની **સામાન્ય સભા રવિવાર, તા. ૧૪/૦૨/૨૦૨૧**ના રાતના ૯.૦૦ કલાકે મહાજનશ્રીના વિવિધલક્ષી હૉલમાં મળશે. જેમાં નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**-: કાર્યસુચિ :-**

૧) પ્રમુખશ્રી તરફથી આવકાર
૨) ગત મિનીટસનું વાંચન તથા એને બહાલી.
૩) મહાજનશ્રીનો વાર્ષિક અહેવાલ.
૪) વર્ષ ૨૦૧૯-૨૦ના વાર્ષિક ઓડીટેડ હિસાબોનું વાંચન તથા બહાલી.
૫) ભોજરાજ દેસર ઉપાશ્રયના નવા બાંધકામનું સંપૂર્ણ અહેવાલ
૬) આવેલ પત્રોનું વાંચન. પ્રમુખશ્રીની મંજુરીથી જે કાંઈ રજુ થાય તે.
૭) વર્તમાન ટ્રસ્ટ બોર્ડની મુદત તા.૩૧-૩-૨૦૨૧ના પુર્ણ થાય છે. કોરોના સંક્રમણને કારણે પરિસ્થિતી અનુલક્ષીને ટ્રસ્ટ બોર્ડની મુદત દોઢ વર્ષ વધારવા બાબત સામાન્ય સભામાં બહાલી/મંજુરી.

**સર્વે સભ્યોને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી.**

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - નલીયા વતી ટ્રસ્ટીગણ**

**તા.ક.:** હિસાબ બાબત કોઈને પણ જાણકારી/ખુલાસો મેળવવા, નલીયા મહાજન ઓફીસમાં તા. ૧૨-૨-૨૦૨૧ પહેલાં લેખીત જણાવશો. જેથી સામાન્ય સભામાં ખુલાસો આપવા સરલતા રહે.

સભામાં અને સભા સ્થળે સોશિયલ ડિસ્ટન્સીગ અને માસ્ક પહેરવું ફરજીયાત રહેશે.

॥ જીવદયા પરમો ધર્મ ॥

## શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ - નલીયા

તા. ૧૮-૦૧-૨૦૨૧

### સામાન્ય સભાની જાહેરખબર

શ્રી પાંજરાપોળ ગોશાળા ચેરીટેબલ ટ્રસ્ટની **સામાન્ય સભા રવિવાર, તા. ૧૪/૦૨/૨૦૨૧**ના રાતના ૮.૩૦ કલાકે મહાજનશ્રીના વિવિધલક્ષી હૉલમાં મળશે. જેમાં નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**-: કાર્યસુચિ :-**

૧) પ્રમુખશ્રી તરફથી આવકાર
૨) ગત મિનીટસનું વાંચન તથા બહાલી.
૩) પાંજરાપોળનો વાર્ષિક અહેવાલ.
૪) વર્ષ ૨૦૧૯-૨૦ના વાર્ષિક ઓડીટ હિસાબનું વાંચન અને બહાલી.
૫) ગોલાઈ વાળો ખેતરનું N.A. થઈ ગયેલ છે તથા એનો અહેવાલ તથા પ્રોજેક્ટ રીપોર્ટ
૬) પ્રમુખશ્રીની મંજુરીથી જે કાંઈ રજુ થાય તે.

**સર્વ સભ્યોને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી.**

**શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ - નલીયા વતી ટ્રસ્ટીગણ**

**તા.ક.:** હિસાબ બાબત કોઈને પણ જાણકારી/ખુલાસો મેળવવા, નલીયા મહાજન ઓફીસમાં તા. ૧૨-૨-૨૦૨૧ પહેલાં લેખીત જણાવશો. જેથી સામાન્ય સભામાં ખુલાસો આપવા સરલતા રહે.

સભામાં અને સભા સ્થળે સોશિયલ ડિસ્ટન્સીગ અને માસ્ક પહેરવું ફરજીયાત રહેશે.

## ભાવભીની શ્રદ્ધાંજલિ

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન ગોએરસમા - બારોઈના આધાર સ્તંભ**



**સ્વ. શ્રેણિકભાઈ નરશી મોમાયા** (ઉ.વ. ૬૫)

**ગામ : બારોઈ, હાલ : મુલુંડ – મુંબઈ**

**અરહિંત શરણ : તા. ૦૪-૦૧-૨૦૨૧**

પારદર્શક અને નિખાલસ વ્યક્તિત્વ...,
પ્રેમળ અને વાત્સલ્ય સભર ચહેરો...,
મિતભાસી અને સહૃદયી એવા...
લાડીલા અમારા સહકર્મી શ્રેણિકભાઈ...!
છોડી ગયાં છાપ અનોખી...,
કે અંકિત થયાં કાયમને...,
અમારાં હૃદય કમળમાં...!
કાર્યો એવાં કર્યાં અનેક...,
કે ન થાય કોઈનું મનદુઃખ...!
હતી એમની અનોખી અદા-શૈલી...,
લઈ સાથે બધાને ચાલવાની...!
આવી કારમી ગોઝારી વેળાં...,
ને સુરજ આથમી ગયો મધ્યાહ્‌ને...,
અંધકાર થયો... પરિવાર ને મહાજનમાં...!
આપ નથી રહ્યાંનો વસવસો તો રહેશે જ સદા...,
પરંતુ... આપનાં સત્કાર્યોની ફોરમ તો...,
મહેંકતી રહેશે અમારાં અંતર્મને હંમેશા...!
ચિરઃશાંતિ અર્પે દિવ્ય આત્માને...,
એજ પ્રભુ ચરણે અભ્યર્થના...!!!

**લી. શોકમગ્ન....**

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ગોએરસમા-બારોઈ,**
**પ્રમુખશ્રી તેમજ ટ્રસ્ટીગણ અને કારોબારી સભ્યો વતી...**
**અશોક લાલજી પોલડીયા**

## સમય પ્રવાહ

# વૃદ્ધાશ્રમ :- સમયોચિત જરૂરિયાત : ભાગ-૧
## વૃદ્ધાવસ્થાની વેદના

- પ્રવિણચંદ્ર શામજી ધરમશી (શાહ) કોઠારા-સુરત
મો. 9978903247



ગૌતમ બુદ્ધ જે બુદ્ધ ભગવાનના નામથી વધારે વિખ્યાત છે; તેમના જીવનને વૃદ્ધાવસ્થા સાથે સાંકળી લેતો એક પ્રસંગ બહુ જ પ્રસિદ્ધ છે, જે અત્રે યથા યોગ્ય લાગતાં રજુ કરૂં છું. તેમનો જન્મ આશરે ૨૬૦૦ વર્ષ પહેલાં એક રાજ પરિવારમાં થયો હતો; અને તે સમય પ્રમાણે તેમની જન્મકુંડળી બનાવાઈ હતી, અને તેના સારાંશ અનુસાર તે (રાજકુમાર સિદ્ધાર્થ) ભવિષ્યમાં કાં તો મહાન સમ્રાટ અથવા મહાન યોગી કે સન્યાસી બનશે તેવો નિષ્કર્ષ નીકળ્યો. તેથી તેમના માતાપિતાએ તેમને દુનિયાની એવી ચીજો કે ઘટનાઓ જે મનુષ્યને દુઃખ પહોંચાડે કે અપ્રિય લાગે; અને બની શકે કે તેવી દુઃખદ કે કરૂણ ઘટનાથી રાજકુમાર સિદ્ધાર્થના મનમાં વૈરાગ્યની ભાવના ઉત્પન્ન થાય, તેનાથી દૂર રાખવા શક્ય એટલી કોશિશ કરેલ. પણ કાલાન્તરે યુવાવસ્થામાં તેમણે એક કુષ્ઠરોગી કે રક્તપીતિયાને જોયો જે જોઈને તેમને આઘાત લાગ્યો. ત્યારબાદ તેમણે એક અત્યંત કૃશ, અસહાય અને અશક્ત વૃદ્ધને જોયો જે કમરમાંથી વળી ગયો હતો અને લાકડીના ટેકાથી મહા મહેનતે થોડું હલન ચલન કરી શકતો હતો. અને અંતે તેમણે એક મૃત્યુ પામેલી વ્યક્તિનું શબ જોયું, જેને ચાર ડાઘુઓ ઠાઠડી પર લઈ જતા હતા. આ બધા બનાવોની એમના પર તીવ્ર અસર થઈ અને તેમને મનુષ્યના શરીરની ક્ષણભંગુરતા કે અસારતાનો ખ્યાલ આવી ગયો અને સંસાર પ્રત્યે વૈરાગ્ય આવી જતાં બધું છોડીને સાધુ કે સન્યાસી બની ગયા.

આ કથા રજુ કરવાનો મારો આશય એ છે કે રોગ, વૃદ્ધાવસ્થા અને મૃત્યુ એ મનુષ્યના જીવનની ખુબ જ વિષમ, આકરી અને દુઃખદાયક સ્થિતિ છે; અને આજના યુગમાં જ્યાં વડીલો કોઈના પણ સહારા વગર રહેતા હોય તેમના માટે તો પીડાદાયક બની રહે તે સ્વાભાવિક છે, પણ આ જ સંસારની નક્કર અને કડવી વાસ્તવિકતા છે. આ પરિસ્થિતિમાંથી જે કોઈ પણ વ્યક્તિ લાંબું આયુષ્ય ભોગવે છે તેવા ભાગ્યશાળી પસાર થાય જ છે; જે સર્જનહારની વ્યવસ્થા છે, જેના પર મનુષ્યનો કોઈ કાબુ નથી.

આ જમાનાનો અન્ય એક પ્રસંગ રજુ કરૂં છું. એક પરિવારના દાદા અને આઠેક વર્ષનો પૌત્ર ટી.વી. પર મહાદેવની સીરીઅલ જોઈ રહ્યા હતા જેમાં સમુદ્ર મંથનનો પ્રસંગ આવે છે, ત્યારે સમુદ્રમાંથી અત્યંત ઝેરી વિષ જે હળાહળ કહેવાતું તે નીકળે છે; અને તે સમગ્ર વિશ્વના જીવો માટે ઘાતક નીવડે તેવું હતું, ત્યારે દેવો અને દાનવોએ વિનંતી કરતાં ભગવાન શિવએ તે હળાહળ વિષને પોતાના ગળામાં ઉતારી દીધું જેના કારણે તેમનું ગળું લીલાશ પડતું થઇ ગયું જેથી તે નીલકંઠ તરીકે પણ ઓળખાયા. આ પ્રસંગના એકાદ બે દિવસ પછી અચાનક પૌત્રએ દાદાને પૂછયું કે 'દાદાજી તમારા માથાના વાળ કેમ સફેદ થઇ ગયા?' દાદાએ જે જવાબ આપ્યો તે કદાચ કડવી વાસ્તવિકતા છે. તેમણે કહયું 'બેટા જેમ હળાહળ પીવાથી ભગવાન શંકરનું ગળું લીલું થઇ ગયું, તેવી જ રીતે જવાબદારીના વિષના કારણે મારા માથાના વાળ સફેદ થઇ ગયા'. આના જેવા અન્ય એક ઉદાહરણમાં પૌત્ર દાદાજીને પૂછે છે કે 'દાદાજી તમે કેમ ટટાર ચાલી નથી શકતા અને કમરમાંથી વળી ગયા છો?' દાદાએ જે જવાબ આપ્યો તે પણ કદાચ કડવી પણ સાચી વાત છે. તેમણે કહયું 'બેટા, જવાબદારીના વજનના કારણે કમર તૂટી ગઈ છે.'

આ બંને ઉદાહરણો દર્શાવે છે કે વૃદ્ધાવસ્થા મોટાભાગની વ્યક્તિઓ માટે અભિશાપ છે, અને તેમાં પણ જો તે વ્યક્તિ શારીરિક રીતે અને આર્થિક રીતે નબળા હોય તો તેમની વ્યથા શબ્દોમાં પણ ના વર્ણવી શકાય. ભગવાન બુદ્ધએ તો સન્યાસ લઇ લીધો, પણ બીમારી, અશક્તિ, વૃદ્ધાવસ્થા અને મૃત્યુ એ ચાર અવસ્થાઓ સમ્રાટ હોય કે સન્યાસી કોઈને પણ લાગુ પડી શકે છે, અને મોટાભાગે બીમારી, અશક્તિ અને વૃદ્ધાવસ્થા એ મૃત્યુ પહેલાંની સ્થિતિ હોય છે જે મોટાભાગના મનુષ્યોના જીવનમાં જોવા મળે છે. દીર્ઘ-આયુ હોવાની આ બધી ઉપ-પેદાશ કહી શકાય.

અખંડ ભારત જે યુગો પહેલાં ભારત વર્ષ તરીકે

**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**
પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે.
તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.
તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.
**સોનલ આર્ટ**
Mob.: 99678 41792
'શિવમ', ડી-૨૦૧, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફિસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

ઓળખાતો હતો અને જેની ભૌગોલિક સીમાઓ એટલી વિશાળ હતી કે આધુનિક દુનિયાંના કેટલાક દેશો કે રાષ્ટ્રો તેમાં સમાવિષ્ટ હતા અને તે સમયે ધર્મનો મનુષ્યની જીવન શૈલી કે તે રીતે સમાજના રીતરિવાજ કે પ્રથાઓના ઘડતરમાં બહુ મોટો પ્રભાવ કે ફાળો રહ્યો. અને તે સમયે વૈદિક કે હિન્દૂ ધર્મ એ મુખ્ય ધર્મ હતો; અને તેની માન્યતા પ્રમાણે સામાન્ય મનુષ્યનું આયુષ્ય ૧૦૦ વર્ષ માનવામાં આવતું, અને આશીર્વાદ પણ 'શતાયુ ભવઃ' એવા અપાતા હતા. તે સમયમાં માનવ જીવનને મુખ્ય ચાર તબ્બકામાં વિભાજન કરવામાં આવેલ જે ક્રમશઃ બ્રહ્મચર્યાશ્રમ, ગ્રહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સન્યાશ્રમ એમ દરેક તબક્કાને ૨૫ વર્ષના ગાળામાં વિભાજીત કરેલ અને તેને 'આશ્રમ' એવું પવિત્ર નામ કે ઉતરાર્ધ વિશેષણ ધર્મના પ્રબળ પ્રભાવના કારણે આપવામાં આવ્યું.

આપણી ભારતીય સંસ્કૃતિ અને સમાજવ્યવસ્થાનું એક મહત્વનું અંગ હતું સંયુક્ત કુટુંબ જેમાં ત્રણ થી ચાર પેઢીઓ (generations) એક સાથે રહેતી હતી; અને જે ચાર આશ્રમોના નિયમો પ્રમાણે, સંયુક્ત કુટુંબના સભ્ય પોતાની વય કે ઉમર પ્રમાણે તેને લાગુ પડતા આશ્રમ પ્રમાણે પોતાની જીવન શૈલી અપનાવી લેતા પણ પરિવારથી અલગ ના રહેતા. શાસ્ત્રોમાં અનેક દાખલાઓ છે જેમાં ઋષિ મુનિઓ એક કે વધારે પત્નીઓ સાથે અને તેમના સંતાનો સાથે સપરિવાર રહેતા. પણ કાળાન્તરે સામાજિક અને આર્થિક વ્યવસ્થામાં પરિવર્તનના પ્રબળ પ્રભાવના કારણે વિભક્ત કુટુંબ રચાયા.

પણ જેમ જેમ સમાજ વ્યવસ્થા વિકસતી ગઈ તેમ તેમ તેની વ્યવસ્થા માટે અલગ રીત રિવાજો અને નિયમો મનુષ્યએ બનાવ્યા. તેથી હું વ્યક્તિગત રીતે વૃધ્ધાશ્રમ શબ્દને બદલે 'વૃધ્ધાશ્રય' શબ્દને વધારે યોગ્ય માનું છું. જૈનોમાં એક ધાર્મિક શબ્દ છે 'ઉપાશ્રય' જે ઉપાધ્યાય અને આશ્રય શબ્દની સંધિથી બનેલો છે, તેવી જ રીતે વૃધ્ધ અને આશ્રય શબ્દોની સંધિથી 'વૃધ્ધાશ્રય' શબ્દ બને છે જે મને યોગ્ય લાગે છે. અન્ય એક શબ્દ 'વૃદ્ધાલય' પણ યોગ્ય શબ્દ છે; જે વૃદ્ધ અને આલય શબ્દની સંધિથી બને છે, લગભગ આના જેવો અન્ય શબ્દ વૃદ્ધાવાસ જે વૃદ્ધ અને આવાસ શબ્દની સંધિથી બને છે તે પણ વાપરી શકાય. કોઈ કોઈ લોકો ઘરડા ઘર શબ્દનો પણ પ્રયોગ કરે છે.

આશ્રમ શબ્દ એ ઋષિ મુનિ અને તપસ્વીઓ સાથે સંકળાયેલો શબ્દ છે જે ધાર્મિક ક્રિયાઓ કે દિનચર્યાઓ સાથે સંલગ્ન છે, જયારે વૃદ્ધાશ્રમ એ સામાજિક વ્યવસ્થા છે, તેથી તેની સાથે આશ્રમ શબ્દ હાલની પરિસ્થિતિમાં સુસંગત નથી. પહેલાં અનાથ કે નિરાધાર બાળકો માટે અનાથાશ્રમ બનેલા હતા, જેને માટે હવે અનાથાલય શબ્દ વધારે પ્રચલિત થયો છે. સંસ્થા કે વ્યવસ્થાનું નામ તેના ઉદ્દેશ્ય, કાર્યક્ષેત્ર, પ્રવૃત્તિ અને ધ્યેયને સ્પષ્ટ દર્શાવે તે જરૂરી છે.

કહેવા માટે કોઈ કોઈ વરિષ્ઠ નાગરિક જે સદ્દનસીબે શારીરિક રીતે સ્વસ્થ હોય અને આર્થિક રીતે પણ સાધન સંપન્ન હોય તે ભલે એમ કહે કે age is just a number પણ આવું સૌભાગ્ય બહુ ઓછા મનુષ્યોને પ્રાપ્ત થાય છે, બાકી અશક્તિ અને બીમારી એ બહુધા વરિષ્ઠ વડીલોના જીવનમાં જોવા મળે છે. તે ઉપરાંત ભારત જેવા દેશોમાં જ્યાં સરકારી સામાજિક સુરક્ષા નથી હોતી, ત્યાં જો વૃદ્ધાવસ્થામાં આર્થિક આયોજન યોગ્ય ના હોય તો બહુ જ તકલીફ કે દુઃખ-દર્દ ભર્યું જીવન વ્યતીત કરવું પડે છે, અને વિષાદ, વ્યથા અને વસવસો એ તેમના જીવનનો ભાગ બની જાય છે. વૃદ્ધાવસ્થા એ દીર્ઘ-આયુનો અંતિમ તબક્કો છે અને ત્યારે અશક્તિ, બીમારી અને અન્ય શારીરિક તેમજ માનસિક મર્યાદાઓ મનુષ્યને પરેશાન કરે છે; જેમાં અપચો, એકલતા, સ્મૃતિભ્રંશ અને અનિદ્રા આ મુખ્ય તકલીફો હોય છે; જે બીમારી નહીં પણ વય કે ઉમર આધારિત નૈસર્ગીક પરિવર્તન કે સ્થિતી છે, જેને આજ કાલ નવો શબ્દ 'ન્યુ નોર્મલ' જે ચલણમાં છે તે કહી શકાય. કેટલાક વડીલો આ વસ્તુ સ્થિતિનો સ્વીકાર કરતા નથી અને વારંવાર વૈદ, હકીમ કે ડોક્ટરની સલાહો પ્રમાણે તો કેટલીકવાર સ્વયં કે અન્ય સગા-સબંધી, પરિચિતો કે મિત્રોની સલાહ સૂચન પ્રમાણે બિન-જરૂરી દવાઓનું સેવન કરે છે, જે સરવાળે લાભ કરતાં નુકશાન વધારે કરે છે. હજી સુધી વૃદ્ધાવસ્થા ટાળવા માટેની કોઈ રશી કે દવા નથી શોધાઈ; પણ હળવો શારીરિક શ્રમ અને કોઈ મનગમતી રચનાત્મક પ્રવૃત્તિની વ્યસ્તતા અને વ્યવસ્થિત જીવનશૈલી આ વૃદ્ધાવસ્થાની પરિસ્થિતિના કારણે ઉત્પન્ન થતી નકારત્મક અસરોને ઓછી કે સહવાયોગ્ય બનાવે છે. વૃદ્ધાવસ્થામાં યોગ્ય અને પોષક તથા પથ્ય આહાર જ ૫૦% દવાનું કામ કરે છે. તે ઉપરાંત વૃદ્ધાવસ્થામાં કેટલાક વડીલોનો સ્વભાવ ચીડીઓ, જક્કી અને જડ બની જાય છે, જેના કારણે તેઓ પુત્ર-પુત્રવધુ સાથે પણ કેટલીક વાર બાખડી પડે છે. કેટલાક વડીલો વર્તમાન સમયમાં નહીં જીવતાં પોતાના ભૂતકાળ પ્રમાણે જીવન વ્યવસ્થાનો આગ્રહ રાખે છે જેને આપણે 'જનરેશન ગેપ' કહી શકીએ.

**છીપનું મોતી :** વૃદ્ધાવસ્થાના ખરેખર બે જ મિત્રો છે શારીરિક સ્વાસ્થ્ય અને આર્થિક બચત.

***

## મહેક જન્મભૂમિની
## એ ગામ મોટી સિંધોડીજી

પશ્ચિમ કચ્છના અબડાસા કંઠે કોહીનૂર સમ ચમકતુંજી
દરિયાલાલની લીલા લહેર, મહેરબાન ઉપરવાળોજી
એ ગામ મોટી સિંધોડીજી
ગિરનારમંડલ દાદા બિરાજતા, વરસ હુવા પચાસજી
દેરાસર શિખરે મોર નાચંતા, કરી ટહુકા મીઠાજી
એ ગામ મોટી સિંધોડીજી
ચોરે ચૌટે 'સીતારામ' અને ઘર ઘર ગુંજતું 'જય માતાજી'
સરસ્વતીના વરદાની વંશજોની વાણી મીઠી મધુરી અનેરીજી
એ ગામ મોટી સિંધોડીજી
ગામ સીમાડાં ઘેટાંઓથી ઊભરાતા, ઊનમાં નામ પહેલુંજી
ધરતી માડીની આંખલડી ઠરતી ચરતાં જોઇ દુધાળાંજી
એ ગામ મોટી સિંધોડીજી
તુઠ્યો દરિયાલાલ દઇ સબરસ ગાડે ગાડાંજી
કહે કાંતિલાલ અહીં પધારવાનું ના ચુકશોજી
એ ગામ મોટી સિંધોડીજી

– **કાંતિલાલ કેશવજી મોતા,** મુલુંડ

## પાસ થયા અભિનંદન

**નોંધ :** જ્ઞાતિના S.S.C. કે તેથી ઉચ્ચ પરીક્ષામાં પાસ થનાર સૌના પરિણામ અને ફોટા આ કૉલમમાં બ્લૅક ઍન્ડ વ્હાઈટમાં વિના મૂલ્યે છપાય છે.



**ભુમિકા કિર્તી પોલડીયા**
બાયઠ – બડગરા
S.S.C. (CBSE) **94.6%**

।। શ્રી શાંતિનાથાય નમો નમઃ ।। ।। શ્રી અંબે માતાય નમો નમઃ ।।

**ધરમશી પરિવાર કોઠારા**

કોઠારા ગામે જૈન દેરાસરજીની બાજુમાં ધરમશી પરિવારના અંબે માતાજીને નમતા ભાવિકોને કોઠારા ગામે પધારવા ભાવભર્યું આમંત્રણ.

શનિવાર, તા. ૨૪-૪-૨૦૨૧ સવારના **ભુવાશ્રીની ગંધી બદલાવવાનું અને ધ્વજા મહોત્સવ** રાખવામાં આવેલ છે. સર્વે ભાવિકો સારી સંખ્યામાં પધારશોજી.

**લી. ધરમશી પરિવાર કોઠારા**
**જયેશ ભાગચંદ ધરમશી**
**જયાબાઈ લખમશી ધરમશી (ભૂઈમાં)ના જય માતાજી**

## સમણ સુત્તમ

સમણ સુત્તમ એ જૈનોની ગીતા છે. વિનોબા ભાવે એ જૈનોને પ્રશ્ન પુછ્યો કે જેમ હિન્દુઓનો ધર્મગ્રંથ ગીતા છે, મુસલમાનોનો કુરાન છે અને ખીસ્ત્રીઓનો બાઇબલ છે તેમ તમારા જૈનોનો ક્યો ગ્રંથ છે ? એ લાવો તો પછી આગળ વધીએ. જૈનો મુંઝાણા. દીંગબર, શ્વેતાંબર, સ્થાનક વાસી અને તેરાપંથી, બધા પોત પોતાના ગુરૂને મળ્યા. તેઓ સહુ સહમત થયા પછી આ ગ્રંથ તૈયાર થયો તેનો મોટો ઇતિહાસ છે પણ એમા ન જતા આપણે મુળ વાત પર આવીએ.

બારથી પંદર મહિના આ ગ્રંથ તૈયાર થવાના લાગ્યા. જૈનોના બધા આચાર્ય પાસે ગ્રંથ લઇ જવા, પાછા વિનોબા ભાવે ને આપવા. ત્યાં ઘણા જૈન વિદ્વવાનો ચર્ચા વિચારણા કરતા હતા. તેઓએ સાંભળવા એ પણ એક લહાવો હતો. પુસ્તકો લઇ જવા માટે, લાવવા માટે વીર સૈનિકો તૈયાર થયા હતા. તેમાં એક ભાગ્યશાળી હું પણ હતો. વિદ્વાનોની ચર્ચા સાંભળતા જૈન ધર્મ વિશે ઊંડાણમાં જાણવા મળ્યું જેથી હું ધર્મ પર થોડું ઘણું લખી શક્યો. છતા ભાઇ સોમ ધરમશી જેટલું નહી. પુસ્તક છપાઇને આવ્યું ત્યારે વિનોબાજી રીતસરના નાચ્યા હતા અને કહ્યું મારા જીવનનું એક મહાન કાર્ય પુરૂ થયું. જૈન ધર્મની એના પર ઉંડી અસર હતી. છેલ્લે તેમણે સંથારો લીધો.

ભગવાન મહાવીરના નિર્વાણના દિવસે જ નિવાર્ણ પદને પામ્યા. ત્યાર પછી રાષ્ટ્રપતિ મહોદયે ભગવાન મહાવીરની ૨૫૦૦ મી જન્મ જયંતિના દિવસે સમણ સુત્તમ પુસ્તકનું વિમોચન કર્યું અને સમસ્ત જગતને આ પુસ્તકની ભેટ આપી. ૨૫ વર્ષ પછી ગાંધીધામ જૈન સંઘે પુ. મુનિવર્ય ભુવનચંદ વિજય મહારાજ સાહેબની પ્રેરણાથી આ પુસ્તકનું પ્રકાશન કર્યું ભુવનચંદ વિજય મહારાજ સાહેબનો સમગ્ર જૈન સમાજ આભારી છે. બીજી ભેટ તેમણે એક મુસ્લીમ યુવાન પ્રોફેસર રમઝાનભાઇ જેવા વિદ્વાનની પણ જૈન સમાજને ભેટ આપી.

રમઝાનભાઇના પ્રવચન સાંભળવા જેવા છે.

– **પ્રવીણભાઇ લોડાયાની ડાયરીમાંથી**
પ્રેષક **ભરત લોડાયા,** વડોદરા

Exclusive Embroidery & Upto date Finishing
જ્યોતિ *Sachi Jari maate real nam*
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ–૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 83692 52836 Sunday Closed
Online Shopping via WhatsApp available. By appointment only.
Originally at Zaveri Bazar since 1976 Follow us on

॥ શ્રી સુમતિનાથાય નમઃ ॥

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહારાષ્ટ્ર એકમ, મલકાપુર

મહારાષ્ટ્ર એકમની કારોબારી સભા **તા. ૧૦–૧–૨૦૨૧ રવિવાર**ના શેઠ શ્રી નરસી જેઠાભાઈ પરીવાર મલકાપુર મુકામે બોલાવવામાં આવેલ. એકમના કારોબારી સભ્યો, મહિલા મંચ, યુવા મંચના ૪૫ સભ્યો ગામે ગામે થી પધારેલ સાધર્મિક ભક્તિ કરીને એકમની મીટીંગ ચાલુ કરેલ.

વડીલ મુરબી શ્રી વિનોદ ખીમજી લોડાયાના સુચન થી એકમ કારોબારીના પ્રમુખ **શ્રી છત્રપતિ નરસીભાઈ દંડ** એ પ્રમુખ તરીકે સ્થાન ગ્રહણ કરેલ. સૌ સભ્યોએ તેમને વધાવી લીધેલ.

મીટીંગનું કામકાજ ચાલુ કરતા પહેલાં ગતવર્ષમાં અવસાન થયેલ. જ્ઞાતિબંધુ એકમ હિતેચ્છુ સર્વને ૩ નવકાર મંત્ર ગણી પ્રભુ મૃત આત્માને શાંતી આપે એવી પ્રાર્થના સહ શ્રધ્ધાંજલિ આપવામાં આવેલ.

પાછલી કારોબારી સભાના મીટીંગનું મીનીટ બુક વાંચી સંભાળાવેલ. આજ સુધીના થયેલ ખરચા શ્રી શૈક્ષણિક સહાયતા સાથે આર્થિક મદદ કરેલ તેને મંજુરી આપવામાં આવેલ. સને ૧-૪-૨૦૧૯ થી ૩૧-૩-૨૦૨૦ સુધી ઓડીટ થયેલ રીપોર્ટને મંજુરી આપવામાં આવેલ.





સ્વ. શેઠ શ્રી તિલોકચંદ નરસીભાઈ દંડ મહારાષ્ટ્ર એકમના પ્રમુખશ્રીનું સ્વર્ગવાસ થતા એકમના ઉપપ્રમુખ **શ્રી મનીષ ભવાનજી લોડાયા** ચાલીસગામવાલાની મહારાષ્ટ્ર એકમના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવેલ તેમજ મહિલા મંચના પ્રમુખ સ્વ. માતુશ્રી હિરબાઈ ગોવિંદજી લોડાયાના સ્થાને ઔરંગાબાદવાલા **અ.સૌ. કાશ્મીરાબેન વિનોદ લોડાયા** ની વરણી કરવામાં આવેલ. ઉપપ્રમુખ તરીકે ભરતભાઈ નરસીભાઈ દંડની વરણી કરવામાં આવેલ. સર્વ સભ્યોએ તાળીઓના નાદથી વધાવી લીધેલ. ત્યારબાદ જનરલ સભા બાબત ચર્ચા કરતા. હાલમાં પરિસ્થિતીને ધ્યાનમાં લેતા મુલતવી રાખવામાં આવેલ છે. સરકારી સુચના આવેથી બોલાવવામાં આવશે એમ નક્કી કરી મંજુરી આપવામાં આવેલ.

એકમના ઉદ્દેશોને અનુકૂળ કાર્યો કરવા બાબત શેઠશ્રી ભરતભાઈ નરસીભાઈ દંડ, રાજેશ દામજી પોલડીયા (નાસીક), વિનોદભાઈ ખીમજી લોડાયા (ઔરંગાબાદ), અશ્વીન કેશવજી ધરમશી (યવતમાલ), સેજેશ શાંતીલાલ લોડાયા (ઔરંગાબાદ), પંકજ ડુંગરસી સોની (જલગામ)એ પોતપોતાના મંતવ્ય રજુ કરેલ. માર્ગદર્શન કરેલ.

સમસ્ત મહાજનશ્રીની નવી બોડી ૧-૪-૨૦૨૧ થી તા. ૩૧-૩-૨૦૨૬ સુધી કરવાનું નક્કી કરેલ. તેમાં મુંબઈ મહાજન છોડીને બાકી મહારાષ્ટ્રના મહાજન તરફથી મહાસમિતિ માટે નામ મોકલવામાં આવે તેવી અપીલ સાથે વિનંતી કરવામાં આવેલ. જે ગામોમાં મહાજન અસ્તીત્વમાં નથી એ ગામોમાં ૨૫ થી વધારે સંખ્યા હોય ત્યાં મહાજન સ્થાપવું ને મહાસમિતિ માટે નામ મોકલવા કહેવામાં આવેલ. જ્યાં ૧ થી ૨ કુટુંબથી ઓછી વસ્તી છે તે કુટુંબને નજીકના મહાજન સાથે સંકળાય એવી અપીલ કરીને વિનંતી કરવામાં આવેલ. તેના માટે ભાઈશ્રી મનીષ વિક્રમ ધરમશી યવતમાલવાલાને જવાબદારી સોંપવામાં આવેલ.

આજની કારોબારી સભાના પ્રમુખશ્રી છત્રપતિ નરસીભાઈ દંડ એ પોતાના મંતવ્યો રજુ કરેલ. પોતે સીનીયર સીટીઝન હોવાથી આ ઉમરે પણ એક્યુપંચર, યોગા, એક્યુપેશર માટે સેવા આપી રહ્યા છે. સાથે આયુર્વેદિક હોસ્પિટલ કચ્છ રત્ન શેઠશ્રી નરસીભાઈ જેઠાભાઈ દંડ નામની હોસ્પિટલ બનાવી રહ્યા છે. તેમને સરકાર તરફથી પણ મંજુરી મળેલ છે. તા. ૧૩-૧-૨૦૨૦ના 'જી ૨૪ તાસ' ઉપર ઈન્ટરવ્યુ સાથે માર્ગદર્શન કરશે એ આપણા જ્ઞાતિ માટે બહુજ ઉપયોગી થશે. એમની સેવાની અનુમોદના કરીએ છીએ. મહારાષ્ટ્ર એકમના પ્રમુખ તરીકે શ્રી મનીષભાઈને એકમ તરફથી પુષ્પગુચ્છથી અભિવાદન કરેલ અને આશીષ આપેલ. મહિલા મંચના પ્રમુખ તરીકે સૌ. કાશ્મીરાબેનનું એકમ તરફથી અભિવાદન કરી આભાર વ્યક્ત કરેલ. સાથે જ્ઞાતિના બહેન-દિકરીઓની સાથે વહુને માર્ગદર્શન ઉપયોગી થશે. એમ તેમને આવકાર આપેલ.

મહારાષ્ટ્ર એકમની મીટીંગ મલકાપુર મુકામે બોલાવી સાથે સાધર્મિક ભક્તિ કરાવેલ. બહારગામથી આવેલ બધા કારોબારીનું સભ્યોનો આભાર વ્યક્ત કરવામાં આવેલ. પ્રમુખશ્રીનું સ્થાન સંભાળી માર્ગદર્શન આપનારા શેઠ શ્રી છત્રપતિભાઈનો આભાર વ્યક્ત કરી દાદા સુમતીનાથ ભગવાનની જય બોલાવી સભાનું કામકાજ પૂર્ણ કરવામાં આવેલ.

**શ્રી મહારાષ્ટ્ર એકમ**ના સેક્રેટરી **ગોવિંદજી સોની** સાથે ટ્રેઝરર **શ્રી ઉત્તમ દંડ** ના પ્રણામ

**સમાચાર** (પ્રકાશ સમીક્ષા સંકલન — સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર)

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## શ્રી ક.દ.ઓ. મંડળ - ડોંબીવલી

વ્યવસ્થાપક સમિતી વર્ષ ૨૦૨૧-૨૦૨૪ (૦૧-૦૪-૨૦૨૧ થી ૩૧-૦૧-૨૦૨૪)ના કાર્યકાલ માટેની ચુંટણી અંગે બીનહરીફ પસંદ થયેલા ઉમેદવારોની નામાવલી.

૧) શ્રી અતુલ ગીરીશકુમાર લોડાયા (રવા), ૨) શ્રી ભાવેશ રતીલાલ મોતા (કુવાપધર), ૩) શ્રી ધવલ ઉમેશ ખોના (સાંધવ), ૪) શ્રી ગીરીશ ભવાનજી ખોના (રંગપુર), ૫) શ્રી જયેશ જીવરાજ લોડાયા (સેવક ભરૂડીયા), ૬) શ્રી જયેશ કુંવરજી લાલકા, (વારાપધર), ૭) શ્રી મહેન્દ્ર મેઘજી મોતા (વારાપધર), ૮) શ્રી મુકેશ હિરાચંદ શિયાડ (જખૌ), ૯) શ્રી મુકેશ ખીમજી વિકમશી (સુથરી), ૧૦) શ્રી પ્રિન્સ વિનીત ધરમશી (કોઠારા), ૧૧) શ્રી વિજય વિશનજી સોની (વાંકુ), ૧૨) શ્રી વિનય હિરાચંદ લોડાયા (વારાપધર), ૧૩) શ્રી વિપુલ લખમશી મોમાયા (સાંયરા), ૧૪) શ્રીમતી અર્ચના અમિત ખોના (નલીયા), ૧૫) શ્રીમતી ભાવના ભરત મોમાયા (નલીયા), ૧૬) શ્રીમતી જીગ્ના વિજય છેડા (સુજાપર), ૧૭) શ્રીમતી મનીષા હરેશ મોમાયા (સાંયરા).

## શ્રી ક.દ.ઓ. જૈન પશ્ચિમ એકમ

શ્રી ક.દ.ઓ. જૈન પશ્ચિમ એકમ ના સન ૨૦૨૦-૨૧ થી ૨૦૨૨-૨૩ સુધી ૩ વરસના પદાધિકારીઓ.


પ્રમુખ : શ્રી તિલકચંદ્ર જયંતીલાલ હંસરાજ ખોના (મોટી ખાવડી-જામનગર).

ઉપ પ્રમુખ : ૧. શ્રી કમલેશ માણેકજી કેશવજી દંડ, (તેરા-અંકલેશ્વર), ૨. શ્રી ચંદ્રેશ દિનેશ ધનજી નાગડા, (નલિયા-વડોદરા), ૩. શ્રી હિરેન મહેન્દ્ર લખમશી મોતા, (નલિયા - અમદાવાદ), ૪. શ્રી તેજકુમાર શામજી નાગડા (જૈન), (નલિયા-રાજકોટ), સેક્રેટરી : શ્રી મુકેશ માણેકજી ખીમજી લોડાયા (સાંયરા-વડોદરા), ખજાનચી : શ્રી ભાવેશ નવીનચંદ્ર મુલજી ખોના, (નલિયા - હાલોલ). સર્વે પદાધિકારીઓ ને અભિનંદન તથા શુભેચ્છાઓ.

## રંગપુર ક.દ.ઓ.

૩૨ મી ધ્વજારોહણ વૈશાખ સુદ ૧૧નો શનિવાર તા. ૨૨-૫-૨૦૨૧લાભાર્થી માતુશ્રી નિર્મળાબેન જેઠાલાલ ધરમશી રંગપુર-મુલુંડ, હસ્તે અ.સૌ. મીના અજય ધરમશી.

## હાર્દિક અભિનંદન



શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ ડોંબીવલીના પ્રમુખ તરીકે શ્રી વિજયભાઇ વિશનજી સોની - વાંકુ (ડોંબીવલી) નિયુક્ત થયા છે. પ્રકાશ સમીક્ષાના અભિનંદન.

## હાર્દિક અભિનંદન



શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતી મહાજન રાયપુરના પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ શાહ (છેડા)ની શ્રી છત્તીસગઢ કચ્છી જૈન સંઘ, રાયપુરના પ્રમુખ પદે સર્વાનુમતે વરણી થઈ છે. પ્રકાશ સમીક્ષાના અભિનંદન.

## કેબીસીમાં કે.ડી.ઓ.




શ્રીમતી જસ્મીન ચેતન મોમાયા, ઘાટકોપર/ચેન્નઈ-જખૌ તા. ૧૧-૧-૨૦૨૧ થી ૧૪-૧-૨૦૨૧ અઠવાડિયામાં સુપ્રસિધ્ધ ગેમ શો. કૌન બનેગા કરોડપતિમાં કન્ટેસ્ટન્ટ ગ્રુપમાં પસંદગી પામ્યા હતા.

## વતનના વર્તમાન

### સંકલન : કેસરસિંહ ખોના

### શિશુ બહેરાશનો ઈલાજ

જન્મથી જ શિશુમાં બહેરાશની ખામી હોય તો બહુ સંભવ છે કે તે બોલતાં પણ ન શીખી શકે. આવી ખામી દૂર કરવા માટે કચ્છની અદાણી જી.કે. હોસ્પિટલને શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ કોકલિયર ઈમપ્લાંટ સર્જરી નિઃશુલ્ક કરવાની પરવાનગી મળી છે. માત્ર છ વર્ષની ઉંમર સુધીના કોઇ પણ વયના બાળક માટે આ મફત ઈમપ્લાંટની સવલત મળી શકે છે.

## મહેફિલ-એ-રણ

બન્નીના આ પ્રખ્યાત ભુંગા આધારિત રિસોર્ટ આંતરરાષ્ટ્રીય પ્રમાણીકરણ મેળવવામાં સફળ રહ્યું છે. આંતરરાષ્ટ્રીય ઓનલાઇન બુકિંગ એજન્સી ટ્રેવલ્સ મિથ દ્વારા મહેફિલ-એ-રણ ને કચ્છની ત્રણ સર્વશ્રેષ્ઠ રિસોર્ટ હોટેલમાં સ્થાન મળ્યું છે.

ટ્રેવલ મિથના વિવિધ શ્રેણીના ગ્રાહકોએ આ રિસોર્ટમાં ઉતારા દરમિયાન થયેલા અનુભવોના પ્રતિભાવ આપ્યા હતા. આ પ્રતિભાવોના આધારે ટ્રેવલ મિથે સલીમ હાલેપોત્રાના સંચાલન હેઠળના આ રિસોર્ટને શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય હોટેલનું પ્રમાણપત્ર આપ્યું છે.

હાલે પોતાના રિસોર્ટના રંગારંગ ભુંગા, વિવિધ સેવાઓની શ્રેષ્ઠ ગુણવત્તા અને મનોરંજન કાર્યક્રમોના આધારે એમાં ઉતારો મેળવનારા યાત્રીઓએ ટ્રેવેલ મિથને પ્રતિભાવ આપ્યા હતા.

## દેશી સ્ટૉબેરી

આપણે અત્યાર સુધી મહાબળેશ્વરની સ્ટ્રોબેરી કે બિહારની સ્ટ્રોબેરીથી પરિચિત હતા હવે આવી રહી છે કચ્છની સ્ટ્રોબેરી. કચ્છઓ માટે દેશની કે દેશી સ્ટ્રોબેરી.

નખત્રાણા તાલુકાના રેલડી ગામના પ્રયોગશીલ ખેડૂત હરેશભાઇ મોરારજી ઠક્કરે પોતાના બે એકરના ફાર્મમાં સ્ટ્રાબેરીનું પ્લાંટેશન કર્યું હતું. જેને હવે ફળ આવી લાગ્યા છે. તેમણે બે એકરના પ્લાંટમાં ૩૦૦૦૦ છોડ વાવ્યા હતા. આને બહુ ઓછા પાણીની જરૂર પડે છે.

સપ્ટેમ્બર-નવેમ્બરમાં વાવેતર બાદ લગભગ ૪૦ દિવસમાં છોડ પર ફળ આવે છે. એક છોડ ૩૦૦ ગ્રામથી એક કિલો જેટલો ઉતારો આપે છે. ફળનું વજન સરેરાશ ૫૦ ગ્રામ જેટલું હોય છે. સ્ટ્રાબેરી ખૂબજ નાજૂક પાક છે. એટલે એની માવજત સારી રીતે થવી જોઇએ એમ પણ તેમણે કહ્યું હતું.

## અંજારનો ૧૪૭૫ મો સ્થાપના દિન

કચ્છના પ્રાચીન નગરોમાં મુખ્ય એવા અંજારનો ૧૪૭૫ મો સ્થાપના દિન તાજેતરમાં ઉજવવામાં આવ્યો હતો. બૌદ્ધકાલીન શિલાલેખ ઉપરથી અંજારની સ્થાપના ઇ.સ. ૬૪૦ની આસપાસ થઇ હોવાનું અનુમાન કરાય છે. સ્થાપના દિન ઉજવણીની પરંપરા મુજબ શહેરની સ્થાપના ખીંટી (ખીલી)ની ગંગા નાકે પૂજનવિધિ કરવામાં આવી હતી.

## ખેડૂત મિત્ર ગુલાબી વૈયા

જવલ્લે જ દેખાતા ગુલાબી વૈયા આ વખતે મોટા પ્રમાણમાં કચ્છ આવ્યા હોવાનું જણાય છે. સામાન્યપણે મોલને નુકસાન પહોચાડતા વૈયા ખરેખર તો ખેડૂતોના મિત્ર છે. ખડમાંકડી, તીડ ઇયળ અને જૂદા જૂદા કીટકોને ખાઇ જતા આ ગુલાબી વૈયા વગર કીટનાશકે પાકનું રક્ષણ કરે છે.

## હેમંત શાહ આંરા વ્યાપાર સલાહકાર બન્યા

ઉત્તરાખંડના આર.એલ. ફાઉન્ડેશન દ્વારા આપણા હેમંત શાહને આંતરરાષ્ટ્રીય વ્યાપાર સલાહકાર તરીકે નીમ્યા છે. આ અંગેની ચર્ચામાં તેમણે જણાવ્યું હતું કે નવી દિલ્હીના વિવિધ દેશોના પ્રતિનિધિઓ-દૂતાવાસોમાં કચ્છમાં સરજાઇ રહેલી નવી તકો અંગે રજુઆત કરી રોજગાર વ્યાપારની દિશાઓ ખોલી શકાય છે.

## રાજ્ય કલા ઉત્સવમાં ફ્રાંસીબા પ્રથમ

ગુજરાજ્ય કલા ઉત્સવના ''દેશી રમકડા અને રમતો'' વિભાગમાં માતૃછાયા કન્યા વિદ્યાલય ભુજની ફ્રાંસીબા નરેન્દ્રસિંહ ભાટીએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. જે હવે રાષ્ટ્ર સ્તરીય સ્પર્ધામાં ભાગ લેશે.

## હેરીટેજ નગર તેરાનો મહેલ

આપણી જ્ઞાતિના એક પ્રમુખ ગામ તેરાને હેરીટેજ દરજ્જો મળ્યો છે એના ઠાકોર સુમરાજી અને તેમના પત્ની બાઈ સાહેબે ઇ.સ. ૧૮૫૪માં દરબાર ગઢનો જીર્ણોધ્ધાર કરાવી તેને કચ્છની પ્રખ્યાત કળા કમાંગરી ચિત્ર શૈલીથી રામરાંધના ભીંત ચિત્રોથી સજાવડાવી હતી. આ ચિત્રપટની લંબાઇ ૭૨ ફિટ અને પહોળાઇ લગભગ ૩૫ ઇંચની છે. આ ઉપરાંત શયનખંડમાં પણ ચિત્રાંકન કરાવેલ છે. આ નયનરમ્ય ચિત્રો અવશ્ય જોવા જેવા છે.

## સાઇકોલોજીકલ સ્પીચ થેરેપી

ભુજની દિશિતા પૂર્વેશ કંદોઇ નામની બાળકીનો બોલવાની શક્તિ વિકસિત ન થઇ હોવાથી બાળરોગ નિષ્ણાંત ડૉ. દીપ કોઠારીની સલાહને અનુસરી તેને લેવા પટેલ હોસ્પિટલના પીડીયા રીહેબીલેશન વિભાગના મનોરોગ વિશેષજ્ઞ ડૉ. ગૌરાંગ જોશી ઇલાજ માટે રિફર કરાઇ હતી. જે સાઇકોલોજીકલ ટ્રીટમેંટ અને પેરેન્ટ કાઉન્સેલીંગ ઉપચારથી સુચારૂ બોલતી થઇ છે.

**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી મંડળ**

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **શ્રીમતી રેખા મહેન્દ્ર કુંવરજી લોડાયા**<br>(PS 2985) ગામ – મોટી ખાવડી | B-103, **નીતેશ ભુવન, સંત નામદેવ રોડ, ગ્રોગાસ વાડી, સમર્થ નર્સીંગ હોમની સામે, ડોંબીવલી (ઈસ્ટ)** (MH) 421 201.<br>**મો.:** 090823 93726 / 090292 03371 |
| **પ્રદીપ દીનેશ ત્રિકમજી મોમાયા**<br>(PS 1481) ગામ – જખૌ | 002, **સંભવ, સંભવ કો.હા.સો., સર્વોદય પાર્શ્વનાથ નગર, મુલુંડ (વેસ્ટ), મુંબઈ–** 400 080. **મો.:** 093729 22883 |
| **બીપીન ભવાનજી પદમશી મોમાયા**<br>(PS 5524) ગામ – સાંયરા | **ફલેટ નં.** 101, **નાગાર્જુન એન્કલેવ, જૈન કોલોની, કુસુગૂલ રોડ, મુનીસુવ્રત સ્વામી જૈન મંદીર, હુબલી** (KR) 580 023.<br>**મો.:** 092416 85906 |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪-૦૧-૨૧ | લોકાપૂર | મનીષ, રિધ્ધી દિપક નાગરાજ લોડાયા | સાંધવ | પુત્ર |

### જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮-૧૨-૨૧ | મલકાપૂર | નિખીલ ઉત્તમચંદ દેવશી દંડ | વરાડીયા | ૨૯ |
| | ડોંબીવલી | પાયલ દિપક વિરચંદ લોડાયા | સાંધવ | ૨૨ |
| ૦૧-૦૧-૨૧ | હૈદરાબાદ | અક્ષય ચંદ્રકાંત જીવરાજ મોતા | વારાપધર | ૨૭ |
| | હૈદરાબાદ | સુરીલી આશિત મુરજી પટેલ (મોમાયા) | સાંયરા | ૨૨ |
| ૧૫-૦૧-૨૧ | માટુંગા | રોહન રાજેન્દ્ર શામજી લાપસિયા | દલતુંગી | ૨૮ |
| | વિક્રોલી | ભાવીશા દિનેશ વિસનજી મોતા | સુથરી | ૨૬ |
| ૧૫-૦૧-૨૧ | મુલુંડ | ભાવિક દિપક પદમશી સાયલા | તેરા | ૨૬ |
| | મુલુંડ | હેતા અશોક કુંવરજી ધુલ્લા | ભરૂડિયા | ૨૨ |
| ૧૫-૦૧-૨૧ | વાપી | અંકિત કાર્તિક ભવાનજી ખોના (શાહ) | જખૌ | ૩૮ |
| | વિદ્યાવિહાર | કાદંબરી અશ્વિન મણીલાલ ખોના | સુથરી | ૩૪ |
| ૧૭-૦૧-૨૧ | સેંધવા | રિશી ચેતન આનંદજી લાલકા | વારાપધર | ૨૮ |
| | સુરત | દિવ્યા પારસ વાલજી ગોસર | ગોઅરસમાં | ૨૬ |

### આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭-૧૨-૨૦ | બેંગલોર | હર્ષિત હીરાલાલ માણેકચંદજી સેઠી (જૈન) | ઝાલરા-પાટણ (રાજ) | |
| | ઇંદોર | સૌમ્યા સુધીર પાસુભાઇ લોડાયા | નલીયા | ૨૫ |
| ૦૨-૦૧-૨૧ | યુ.એસ.એ | અંશ અલોકકુમાર ખરે | મિરઝાપુર | ૨૯ |
| | યુ.એસ.એ | રીયાશા કુમાર પ્રફુલ દૌલત (ધુલ્લા) | સુથરી | ૨૬ |
| ૦૬-૦૧-૨૧ | મુલુંડ | અર્શ પંકજ જેઠાભાઈ લોડાયા | જખૌ | ૨૬ |
| | ભાયંદર | ક્રીષી નિખિલ રતિલાલ ફડિયા | રૂપાલ | ૨૬ |
| ૧૫-૦૧-૨૧ | નાંદેડ | મહેશ કિશનજી કાશીરામ પાટીલ | નાંદેડ | ૨૯ |
| | નાંદેડ | ભાગ્યશ્રી બિપીન પ્રેમચંદ મોતા | તેરા | ૨૮ |
| ૧૬-૦૧-૨૧ | હુબલી | ફેરેલ નરેન્દ્રકુમાર અરોરા | હરયાના | ૨૫ |
| | હુબલી | શેફાલી અભય જીવરાજ મોતા | કોઠારા | ૨૫ |
| ૧૮-૦૧-૨૧ | દિવા | મનીષ કિરણરાજ ફૂશાલાલ જૈન | પાલી | ૨૫ |
| | ઘાટકોપર | મનાલી અતુલ હીરજી મોમાયા | ડુમરા | ૨૫ |
| ૧૮-૦૧-૨૧ | ડોંબીવલી | શ્રીનીલ નરેન્દ્ર રતનશી હરિયા | હાલાપર | ૨૭ |
| | ડોંબીવલી | મિત્તલ વિશ્વજીત ખીમજી લોડાયા | કોઠારા | ૨૫ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧-૧૨-૨૦ | અંજાર | ફરજ વિનોદ સોમચંદ દંડ | તેરા | ૨૯ |
| | સાંધવ | વૈશાલી દિલીપ કુંવરજી લોડાયા | સાંધવ | ૨૮ |
| ૨૭-૧૨-૨૦ | ડોંબીવલી | કેયૂર દેવેન્દ્ર પાસુભાઇ લાપસીયા | દલતૂંગી | ૨૫ |
| | ડોંબીવલી | પરીતા ઉત્તમ વીરજી ડાઘા | દલતૂંગી | ૨૨ |
| ૨૭-૧૨-૨૦ | થાણા | ઉત્તીન રાજેશ વિરચંદ ધરમશી | સુથરી | ૩૨ |
| | જલગામ | ઊર્વિકા અશોક નારાણજી નાગડા | તેરા | ૩૧ |
| ૦૭-૧૨-૨૦ | અમદાવાદ | કિર્તેશ વર્ધમાન હિરજી લોડાયા (તા. ભૂલ સુધાર) | કોઠારા | ૨૫ |
| | સાંયરા | ભૂમિકા રમેશ લાલજી મોમાયા | ગાંધીધામ | ૨૩ |
| ૦૩-૦૧-૨૧ | હૈદરાબાદ | રોમિલ દિલીપભાઈ પદમશી મોતા | કુઆપધર | ૨૮ |
| | મસુર | રૂચિરા નીતિન રાયચંદ ધરમશી | કોઠારા | ૨૬ |
| ૦૭-૦૧-૨૧ | ડોંબીવલી | કેવલ શૈલેષ ગોવિંદજી ધરમશી | સાંયરા | ૨૮ |
| | માલેગામ | મેઘના હરીશ ખીમજી મોમાયા | સાંયરા | ૨૫ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧-૧૨-૨૦ | ગ્રાન્ટરોડ | કેવલ મનીષ પોપટલાલ નાગડા | ભોજાય | |
| | ડોંબીવલી | ભક્તિ હરીશ કેશવજી ધરમશી | રંગપૂર | ૨૬ |
| ૨૩-૧૨-૨૦ | ઘાટકોપર | કુણાલ ભૂપેન્દ્ર ચંદ્રકાન્ત છેડા | નલીયા | ૨૬ |
| | ઘાટકોપર | શ્રી જયંતી લાલજી પાલન | નખત્રાણા | ૨૬ |
| ૩૧-૧૨-૨૦ | ઘાટકોપર | વરૂણ વીનેશ હીરજી મોમાયા | ડુમરા | ૨૮ |
| | રાહાતા | મયુરી મુરલીધર તારાચંદ દાબી | રાહાતા | ૨૭ |
| ૦૧-૦૧-૨૧ | લંડન | રીતેષ લલિત વાલજી મોતા | સુથરી | ૪૦ |
| | લંડન | માર્ટીના માઉરો કિયારી | પરમા-ઇટલી | ૩૩ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૦૧-૨૧ | મસ્જિદબંદર | હિરાવંતી (અમીબાઇ) જીવરાજ ત્રીકમજી મોમાયા | તેરા | ૯૦ |
| ૦૨-૦૧-૨૧ | નાશીક | નવીનચંદ્ર આણંદજી શીવજી લોડાયા | બાંઢીયા | ૮૨ |
| ૦૨-૦૧-૨૧ | ચાલીસગામ | રતનબાઇ હિરાચંદ વેલજી પોલડીયા | લુણી | ૭૭ |
| ૦૪-૦૧-૨૧ | ડોંબીવલી | હરીશ દેવશી દામજી મૈશેરી | નાની સિંધોડી | ૬૧ |
| ૦૪-૦૧-૨૧ | મુલુંડ | શ્રેણીક નરશી કાનજી મોમાયા | બારોઇ | ૬૫ |
| ૦૫-૦૧-૨૧ | ડોંબીવલી | કુસુમ મહેન્દ્ર પાસુભાઇ નાગડા | રંગપૂર | ૬૫ |
| ૦૭-૦૧-૨૧ | ડોંબીવલી | જયાબેન દિનેશ (મંગલ) કુંવરજી મોતા | નલીયા | ૬૮ |
| ૦૮-૦૧-૨૧ | કાંજૂરમાર્ગ | કલ્યાણજી માણેકજી વેલજી લોડાયા | સાંયરા | ૮૦ |
| ૦૮-૦૧-૨૧ | હૈદ્રાબાદ | શાંતીલાલ દેવણાંગ કુંવરજી મૈશેરી | મોટી સિંધોડી | ૬૬ |
| ૦૮-૦૧-૨૧ | મસ્જિદબંદર | રીખબચંદ ધનજી જેઠાભાઇ મૈશેરી | સુથરી | ૭૫ |
| ૦૯-૦૧-૨૧ | મુલુંડ | રસિક દેવરાજ આણંદજી લોડાયા | સાંધવ | ૭૬ |
| ૦૯-૦૧-૨૧ | ડોંબીવલી | રમેશ ગાંગજી ડાહ્યાભાઈ ધરમશી | રંગપૂર | ૬૬ |
| ૧૦-૦૧-૨૧ | વડોદરા | જિતેન્દ્ર પુનશી વીરઘોર ધરમશી | કોઠારા | ૭૦ |
| ૧૦-૦૧-૨૧ | ઘાટકોપર | પ્રવિણચંદ્ર દામજી કેશવજી મોમાયા (ગુંદરવાલા) | મોટી સિંધોડી | ૮૪ |
| ૧૦-૦૧-૨૧ | બડગરા | જમકુબાઇ શીવજી મુલજી પોલડીયા | બાયઠ | ૮૧ |
| ૧૦-૦૧-૨૧ | અરનાકૂલમ | નરેન્દ્ર કુંવરજી ખેતસી મૈશેરી | કુઆપધર | ૬૬ |
| ૧૩-૦૧-૨૧ | મુલુંડ | હર્ષવર્ધન શીવજી નાથાભાઇ મોમાયા | વરાડીયા | ૬૯ |
| ૧૩-૦૧-૨૧ | ડોંબીવલી | હરીશ પદમશી પૂંજાભાઇ લોડાયા (પીર) | સુથરી | ૬૩ |
| ૧૪-૦૧-૨૧ | ડોંબીવલી | ભાનુમતી રાયચંદ ભવાનજી લોડાયા | ગોરખડી | ૬૭ |

# Derasars- Doorsteps to Divinity

- **Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)



Why should we go to a temple (Derasar)? A razor-sharp question of a typical young and analytical mind! The answer should be; to put it in the words great Kahlil Gibran: So that "our daily life becomes our temple and our religion. When we enter into it we take with us our all." But before we evolve to a position, where we see God's grace in each and every life-situation , and when our faith no more needs to lean on an idol to worship or a visit to the temple to be able to move mountains, we need a specific place, time and an Idol to concentrate on.

But then follows the query : "Why do we need to go to Derasar to worship when we can worship at home?

Derasars are not mere marvels of architecture, they are beauties overflowing with bliss. And amidst an arid desert of crap and chaos in our material world, "each of these temples is an oasis of serenity."

Derasars have a structural design which has a unique function and symbolism in every aspect and angle:

- High boundary walls generally

enclose the entire sacred temple area.

This symbolises the shedding of a constantly extroverted viewpoint by a devotee before entering the holy precinct.

- Derasars are raised above the surrounding land to form an exclusive sacred area by the platform or terrace on which they are built. These wide platforms provide space for the pradakshina of the building to take place on the sacred level. The presence of several shrines along these platforms are symbols of the difficulties encountered in reaching sacred places. They also point to the long journey to the remote goal of enlightenment.
- The gateway to a Derasar is usually a magnificent construction. Its grandeur helps the dissolution of our ego as we come face to face with our own feeling of insignificance.
- The hall in front of the inner sanctum is meant for the assembly of the devotees and is used for performing the rituals, meditation and for larger gatherings that involve scripture (sutra) reading and stotra (hymns) recitation. Here, often the worshiper will come across mythological themes, carved on the inner walls, to attune his attitude towards higher ideals.
- The space between the main sanctuary and its hall is a small vestibule, in which worshippers can stand and gaze at the idol or follow rituals conducted within the shrine. As the worshiper progresses towards the inner sanctum, the sculptural details and decorations become simpler.

This helps the worshiper to put aside distractions and try focusing their attention on the sanctum.

- The shikhara over the Garbhagraha attracts energies from the cosmos much like an aerial attracting signals.

It is the symbol of the axis of the world through Mount Meru.

"Gambhara" (Garbha Graha) is the nucleus and the innermost chamber of the temple where the idol of the main deity (mulnayak) is placed. The walk to the inner sanctum indicates that we have to behold our Atma within the sanctum sanctorum of our hearts.

A visit to our Derasar bestows upon us the following benefits:

- The very act of worshipping initiates spiritual purification by dissolving the

devotee's ego.

- It enhances the spiritual state of the worshipper by allowing him to cast away his extrovertedness and turning inwards.
- It leads to the dissolution of the worshipper's karmic knots.
- It provides a focal point for spiritual activity.
- It acknowledges the fact that "every man is a miniature God.
- It inspires the devotee to follow in the footsteps of the Tirthankars.
- It instills the devotees with a sense of self-discipline.

Thus our Derasars provide a conducive environment in all possible ways, for us ,to concentrate on achieving our final goal – Liberation.

## SHREE KDO STUDENTS ASSOCIATION

**From the team of Shree Kdo Students Association**

**"We cannot always build the future for our youth but then build our youth for the future" - Franklin D Roosevelt**

SHREE KDO STUDENTS ASSOCIATION working actively since 67 years has laid its foundation on the basis of the above saying.

Shri Shivji Kunverji Vikamsey, our Founder president started the Association with an optimistic vision of bringing the youth together and moulding and shaping them to work for the community.

Very proudly Association has carried the legacy of the elders through more than 52 batches of young and dynamic leaders who have dedicatedly worked in association for the community.

Shree KDO Students Association popularly known as Vidyarthi Sangh is also proud to hold the record of having the first ever women who reach to the the position in 1986- 87 when late Ms. Amita Raichand Dharamshi became the first lady president of VS.

The current team with its President as Mr. Urmin Jayesh Shah (Lodaya), has also aimed at giving the best to the society and and have continuously Strived. for the betterment of the community.

As the name itself defines has helped numerous students to sharpen their educational skills by organising various seminars related to career, motivation and various other topics related to academics.

As it is rightly said that it all work and no play makes jack a dull boy, Association also concentrates on overall development of of the student so it has also given various programs to enhance the personality and to boost the extra curricular activities.

As the committee comprises of young and dynamic leaders, Association has given a lot of events like industrial visits sports summer camps which has lead to 360 degree development of the student.

Understanding the importance of academic and also the growing inflation the association is proudly carrying the legacy of distributing notebooks at a very subsidised rate to all that KDO Students and also providing free Textbook and reading material to the enthusiastic once in L.R book bank yojna.

The association continuously and consciously aims to write about the culture of brotherhood and oneness towards one's own community.

Association also empowers the youth with other life essential skills like decision making leadership etc.

We appeal to every one from the community to join and collaborate with us when and ever possible.

**Over View**

# KDO NATIONAL ACADEMY OF INVESTMENT EDUCATION
# JOURNEY from a PIGGY BANK to an INVESTMENT BANK.

**Tilakchand K. Lodaya,** Chennai.
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646



Since more than a century, most of us have been brought up with a piggy bank as our dual-purpose toy to learn the habit of saving. Unfortunately, many of us stop at this first step. Real earning power comes from investing those savings and managing money. By investment I mean the process of how to make your money work more for better rewards later.



In this pandemic period every where we hear the wisdom that "CHANGE with the CHANGE". But it is easier said than done. Higher the age more difficult it is. But now the lifestyles, business styes, relationship styles, possession styles and many other styles have changed or are changing fast. Many of our KDOs have lost their jobs or are working with lesser salaries. Many small businesses of KDOs, done by both gents and ladies, are facing threats of closure or are functioning with lesser.

revenues. Even professionals are facing the heat. Many senior citizens are whiling away their time, especially those who are residing with their children away from their home towns or whose children are employed in big cities and the parents are staying in their home towns. Further, recovering of money lent has become a nightmare. Lack of Finance or any worthwhile activity for seniors has become a buzzword. Can we find be a solution to this challenge ?

I believe that the future is not an upgrade of the present, but an invitation. Let us accept the invitation and with dynamism, energy and innovation that communities across the world have shown in this crisis, make our world peaceful and prosperous. What are the contours of this new world.

Youngsters possess a powerful gift: TIME. That's due to the magic of compounding, wherein the gains continue to grow. There are more than one ways to invest. So it has to be need based.



I Was thinking about an idea as to what can be the economic activity which can be done to generate additional income with lesser capital, without an office and staff, yet at yielding small to unbelievable income and wealth in the long run. For seniors the issue is how to use their lifetime experience fruitfully and remain engaged. I share the idea

of one such solution for your kind consideration.

If we systematically impart education and hands-on training in investing, especially relating to investments in stock markets and other financial instruments to KDO seniors and adults and make them aware of its basics and their importance over a short, medium and long term. For the seniors it will help them an avenue of interest and also may/ will provide a source of additional/side income to start with and also an opening an avenue to new economic activity.

No Investment is like a money tree where you can just go and pluck the money you need. There is an element of risk in every mode of trade or investment and there are plus and minus factors in each of them. Biggest pitfall is the attitude of greed which causes rise and fall of individuals and empires. With this caution let us proceed to explore the idea further.

The major strengths of our community in this field may be summarised as under:

1. We are business oriented and Enterprise is in our blood. We know the value of money;

2. The initiation after training can be done with small amounts in 4 digits only.

3. Percentage of KDO CAs and Commerce graduates in our population may be one of the highest in the country;

4. At present many Gnatizens, both gents and ladies, have already an exposure to share Markets and other investment avenues;

5. Few of the KDOs are Ace investors and Advisors of a very high order. They conduct classes or are consultants for better Investments.

6. There are few WhatsApp groups of our people discussing only these subjects.

With these tremendous advantages at our disposal, let us launch the KDO NATIONAL ACADEMY of INVESTMENT EDUCATION for our people.

1. Let the KDO stalwarts in this field and financial experts or Ekkams, Samast Mahajan and/ or Mahajans may jointly form The National Academy for Investment Education at National level along with syllabus, duration, fee structure, scholarships, incentives etc. It will be an online education covering the entire community all over.


Faculty, normally, will be from KDO experts. Local Mahajans Mandals, Mahila Manch or Youth Forums etc will get the classes conducted, manage them, propogate them, arrange incentives etc. on the basis of National Advisory. All detailing will be done once it is decided who is organising it. However, one thing is clear that the cost of this educational strategy will be almost NIL.

Let us sow the seeds of various dimensions relating to investments and many seeds may sprout and Blossom in their careers and lives.This could become their main activity or a secondary source of income and revenue. Youngsters will surprise us with how much they will understand in no time. Let them start small and learn from mistakes in the investing process. Let them make a habit. Knowledge gained may or may not be used. But this knowledge will remain a power.

GOOD roads will go to GOOD destinations.

Let us commence our journey from a Piggy bank to an Investment bank.

# ભાવભરી શ્રદ્ધાંજલિ



જન્મ :
તા. ૨૫-૦૯-૧૯૩૬

અરિહંત શરણ :
તા. ૩૧-૧૨-૨૦૨૦

## સ્વ. મુલજી માણેકજી લોડાયા, ઉ.વ. ૮૪
(સાંધવ - ચેંબુર)

વાત્સલ્યના વારિધી બની નભેથી વરસો છો તમે...
તોય કદી વાત્સલ્ય આપનું ખુટે નહીં
અડગ ઉભા રહ્યાં, જીવનમાં હર તુફાનમાં સદા...
બની દિવાદાંડી, રાહ જીવનની ચિંધતા રહ્યાં...
પરિવાર હો કે, સમાજ, અનુસરશે સહુ આપને...
આપ અમારા વટવૃક્ષ, અમે પરિવાર વડવાઈ આપની...
ચિતરેલા ચીલાપર ચાલી રહ્યો છે પરિવાર આપનો...
વંદન કરી, અર્પિએ સ્નેહાંજલિ અમારી આપને...
સ્નેહાળ જીવન સાથી, પ્રેમાળ પિતા, વાત્સલ્યમુર્તિ દાદા-નાના
તરીકે આપનું સ્થાન અમર છે અમારા હૈયામાં

**શોકાતુર....**

ધર્મપત્ની : **સ્વ. જયાબેન મુલજી લોડાયા**

પુત્ર-પુત્રવધુ : **અ.સૌ. તૃપ્તિ – રાહુલ મુલજી લોડાયા**

ભાઈ-ભાભી :

**અ.સૌ. દમયંતી ચાંપશી લોડાયા** — **અ.સૌ. અરૂણા નવીન લોડાયા** — **અ.સૌ. રીટા પ્રફૂલ લોડાયા**
**અ.સૌ. મીના શામજી લોડાયા** — **અ.સૌ. પુષ્પા પ્રવીણ લોડાયા** — **અ.સૌ. પ્રીતી પ્રકાશ લોડાયા**

બહેન-બનેવી :

**ગં. સ્વ. રતનબેન લાલજી શિયાલ** — **સ્વ. સોનલ સુરેશ ખોના**

**માતુશ્રી મણીબાઈ માણેકજી લોડાયા (શાહ) લોખંડવાલા પરીવાર** (સાંધવ)
**શ્રી મુરજી ખીમજી દંડ પરીવાર** (હૈદરાબાદ-પરજાઉ) • **શ્રી માણેકજી રતનશી ખોના પરીવાર** (સાંગલી-કોઠારા)

CDO Prakash Samiksha R.N.I. No. MAHBIL/2020/79181 Date of Publication : 5th & 20th of every month
Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# ધરમશી પરીવારનું ગૌરવ



## Hearty Congratulations

to Our Daughter

## Ar. Ekta Uday Dharamsi

for successfully completing her
B. Arch Course with first division
from SMM College, Nagpur.
We wish her all the best for her
future Endeavours.

**Ar. એકતા ઉદય ધરમશી**

**Best Wishes**

**Ami & Ashwin Keshavji Shamji Dharamsi,** Naliya / Yavatmal
**Urmee & Uday Keshavji Dharamsi,** Naliya / Yavatmal
**Kantabai Premchand Nagda,** Tera / Nanded

## આણંદ પરિવાર – તેરા ગામ નું ગૌરવ



શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથની કૃપા ગુરૂદેવોના આશીર્વાદ,
માં સરસ્વતીની મહેર અને વડીલોની શુભપ્રેરણાથી
અમારી લાડલીએ ભણતરમાં અમારા પરિવારનું નામ રોશન કરેલ છે,

## હાર્દિક અભિનંદન

## Dr. Hemal Paresh Devshi Dand, Goa

**Passed - Master's of Physiotherapy (Paediatrics)**

**માતા-પિતા :** જયશ્રી પરેશ દંડ, ગોવા
**બહેન :** હિરલ યુવરાજ ખોના, વડોદરા
**દાદાણા :** માતૃશ્રી મણીબાઇ દેવશી દંડ પરિવાર, તેરા
**નાનાણા :** માતૃશ્રી હિરબાઇ પુનશી મૈશેરી પરિવાર, માંડવી

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**
**C/o. Madhu Entertainment & Media Ltd.,**
A/704, Remi Bizcourt, Plot No. 9, Shah Indl. Estate,
Off Veera Desai Road, Andheri (W), Mumbai-400 053.

To,

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI,** Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**